RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 329 Dt. 04-06-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### ઘટનાસ્થળ પર બચાવ, સ્થળાંતર અને રાહત કામગીરી

# દિલ્હીની હોટલ ભડકે બળી, ૨૧ મોત

## માલવિયાનગરમાં બહુમાળી હોટલમાં આગ લાગવાથી ભારે ગભરાટ : ૪૦થી વધુ લોકોનો આબાદ બચાવ : વડાપ્રધાને જાહેર કરી સહાય

નવીદિલ્હી, તા. ૩

દિલ્હીના માલવિયા નગરમાં એક બહુમાળી હોટલમાં આગ લાગવાથી ભારે ગભરાટ ફેલાયો છે. લેમન ગ્રીન રેસ્ટોરન્ટમાં આગ લાગી અને તે ઈમારતના અનેક માળ સુધી ફેલાઈ ગઈ. અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો હજુ પણ ઘાયલ છે. પીએમ મોદી, મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર સંધુએ આ દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગના પીડિતો માટે વળતરની જાહેરાત કરી છે. માલવિયા નગરમાં ફ્લોરિશ સ્ટે બી એન્ડ બીમાં આગ લાગી હોવાની જાણ થઈ હતી. માહિતી મળતાં, સ્થાનિક પોલીસ કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ, સ્થળાંતર અને રાહત કામગીરી શરૂ કરી.

દિલ્હી પોલીસે અહેવાલ આપ્યો, ''આઠ ફાયર બ્રિગેડ વાહનોની મદદથી આગને સફળતાપૂર્વક કાબુમાં લેવામાં આવી છે. પોલીસ, ફાયર સર્વિસ અને અન્ય કટોકટી એજન્સીઓ દ્વારા સંકલિત પ્રયાસો દ્વારા, ૪૦ થી વધુ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા અને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા. ખૂબ જ દુઃખ સાથે અમે તમને જણાવીએ છીએ કે આ દુઃખદ ઘટનામાં ૨૧ લોકોના મોતની પુષ્ટિ થઈ છે.''

બચાવ અને શોધ કામગીરી હજુ પણ ચાલુ છે, અને અસરગ્રસ્ત લોકોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા માટે તમામ સંબંધિત એજન્સીઓ ઘટનાસ્થળે તૈનાત છે. ઘટના સંબંધિત વધુ માહિતી ઉપલબ્ધ થતાં જ શેર કરવામાં આવશે. સ્થાનિક ભાજપ ધારાસભ્ય સતીશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ''આ આગમાં ૨૧ લોકો જીવતા સળગી ગયા છે, જ્યારે ૪૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.''

આમ આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું હતું કે, ''આ આગમાં ૨૧ લોકો જીવતા સળગી ગયા હતા. મૃત્યુઆંક વધુ વધી શકે છે. ઘણા લોકો વિદેશથી અહીં આવ્યા હતા. તેઓ પોતાના પ્રિયજનોની સારવાર માટે અહીં આવ્યા હતા. તેઓ બધા મજબૂરીથી અહીં રહેતા હતા. સરકારે થોડી શરમ અનુભવવી જોઈએ.'' વડા પ્રધાન કાર્યાલય, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને લેફ્ટનન્ટ ગવર્નર તરનજીત સિંહ સંધુએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. પ્રધાનમંત્રી કાર્યાલયે ડ પર એક પોસ્ટમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને ૨૦૦,૦૦૦ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે. દક્ષિણ દિલ્હીમાં દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના SDM જીતેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે, ''ઈમારતની નીચે એક રેસ્ટોરન્ટ કાર્યરત હતું, અને આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. એવું લાગે છે કે રેસ્ટોરન્ટમાં આગ લાગી હતી.'' તેમણે કહ્યું, ''અમારી પાસે ચોક્કસ વિગતો નથી, પરંતુ અત્યાર સુધીમાં ચાર મૃતદેહો મળી આવ્યા છે. સાત કે આઠ ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.'' જીતેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે આવી ઘટનાઓ ફરીથી ન બને તે માટે આવી ઈમારતો સામે કડક કાર્યવાહી કરવાની જરૂર છે. તેમણે કહ્યું, ''હું સંબંધિત વિભાગોને ગેરકાયદેસર રીતે કાર્યરત અને અલગ લાયસન્સની આડમાં હોટલ ચલાવનારાઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપીશ.'' કેટલાક લોકો તેમના રૂમમાંથી કૂદી પડ્યા. આગ ફક્ત એક જ ઈમારતમાં કેન્દ્રિત છે.

માલવિયા નગરના ભૂતપૂર્વ ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના નેતા સોમનાથ ભારતીએ ન્યૂઝ એજન્સી અગઈને જણાવ્યું હતું કે, ''આગ બુધવારે સવારે ૮ વાગ્યે લાગી હતી કારણ કે આ વિસ્તારમાં વાયરનું નેટવર્ક છે.'' તેમણે કહ્યું, ''આગ સવારે ૮ વાગ્યે લાગી હતી. વાયરનું નેટવર્ક છે, જે શોર્ટ સર્કિટનું કારણ બની શકે છે. બાજુમાં એક હોટલ છે જેમાં ૨૦ થી ૨૫ રૂમ છે. મેક્સ હોસ્પિટલ નજીકમાં છે. ત્યાં સારવાર લઈ રહેલા દર્દીઓના પરિવારો આ હોટલમાં રહે છે. શોર્ટ સર્કિટ પહેલા આગ રસોડામાં શરૂ થઈ હતી, જે ઉપરના માળે ફેલાઈ ગઈ હતી.'' સામે એક રજાઈ વેચનારની દુકાન છે, તેણે પોતાના બધા રજાઈ ફેલાવ્યા હતા, જેના પર લોકો કૂદી પડ્યા હતા.



મૃત્યુ આંક વધવાની સંભાવના : આગનું કારણ હજુ અકબંધ

### શિક્ષણ ભરતી કૌભાંડમાં મોટો ધડાકો

# TMC નેતા અભિષેક બેનર્જીને EDનું તેડું, ૧૫ જૂને પૂછપરછ



કોલકાતામાં નિવાસસ્થાને પહોંચી EDની ટીમ, મની લોન્ડરિંગ કેસમાં ફટકાર્યું સત્તાવાર સમન્સ

કોલકાતા, તા.૩

પશ્ચિમ બંગાળના રાજકારણમાં ફરી એકવાર મોટી હલચલ મચી ગઈ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) ની એક ટીમ આજે કોલકાતામાં તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના દિગ્ગજ નેતા અભિષેક બેનર્જીના નિવાસસ્થાને પહોંચી હતી. EDના અધિકારીઓએ પ્રાથમિક શિક્ષક ભરતી કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગના કેસમાં તેમને સત્તાવાર રીતે સમન્સ પાઠવ્યું છે. અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર, આ સમગ્ર મામલો પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં થયેલી કથિત ગેરરીતિઓ અને ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો સાથે જોડાયેલો છે. આ કેસની તપાસના ભાગરૂપે ED દ્વારા અભિષેક બેનર્જીને આગામી ૧૫ જૂનના રોજ પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. ૧૫ જૂને તેમણે કેન્દ્રીય તપાસ એજન્સી સમક્ષ હાજર થઈને અધિકારીઓના આકરા સવાલોના જવાબ આપવા પડશે.

અત્રે નોંધનીય છે કે, અભિષેક બેનર્જી પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા છે અને તેઓ લાંબા સમયથી કેન્દ્રીય તપાસ એજન્સીઓના રડાર પર રહ્યા છે. હાલમાં આ મામલે ઈડી દ્વારા વધુ વિગતવાર માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ ચૂંટણી અને રાજકીય માહોલ વચ્ચે EDનું સમન્સ મળતા જ બંગાળના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. હવે તમામની નજર એ વાત પર ટકેલી છે કે આ મામલે અભિષેક બેનર્જીનું આગામી પગલું શું હશે.

# આત્મનિર્ભર ભારત માટે નૌસેના ખરીદશે સબમરીન

નવી દિલ્હી, તા.૩

ભારતીય નૌસેના પોતાની વિશેષ દરિયાઈ ઓપરેશન ક્ષમતાઓને મજબૂત કરવા માટે ૨ મિની સબમરીનની ખરીદીની દિશામાં આગળ વધી રહી છે. આ માટે નૌસેનાએ યુરોપની ઘણી સંરક્ષણ કંપનીઓ સાથે વાતચીત શરૂ કરી દીધી છે. હવે 'આત્મનિર્ભર ભારત' અભિયાન હેઠળ નૌસેના એકવાર ફરી મિની સબમરીનને લઈને આગળ વધી રહી છે. આ મિની સબમરીન ભારતીય નૌસેનાને દરિયાકાંઠાના વિસ્તારો, ટાપુઓ અને સંવેદનશીલ દરિયાઈ ક્ષેત્રોમાં વિશેષ ઓપરેશન્સ માટે મોટી વ્યૂહાત્મક લીડ આપશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શરૂઆતના તબક્કામાં ૨ સબમરીન ખરીદવાની યોજના છે, પરંતુ ભવિષ્યમાં ભારતીય નૌસેના આવી ૫ કે તેથી વધુ મિની સબમરીન કાફલામાં સામેલ કરી શકે છે. આ સબમરીનનો ઉપયોગ નૌસેનાના વિશેષ દળ MARCOS (મરીન કમાન્ડો) ગુપ્ત ઓપરેશન્સ, જાસૂસી મિશન અને દુશ્મનના વિસ્તારમાં વિશેષ કાર્યવાહી માટે કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ મિની સબમરીન 'સ્વિમર ડિલિવરી વ્હીકલ' (SDV) અથવા 'સ્પેશિયલ ઓપરેશન્સ વેસલ' (SOV) ના રૂપમાં કામ કરશે. આની મદદથી MARCOS કમાન્ડો સમુદ્રની અંદરથી ચૂપચાપ લક્ષ્યની નજીક પહોંચી શકશે અને મિશનને અંજામ આપીને કોઈને પણ ભનક લાગ્યા વગર પાછા ફરી શકશે.

ભારતીય નૌસેનાએ આ પ્રોજેક્ટ માટે દેશની બે અગ્રણી શિપબિલ્ડિંગ કંપનીઓ - મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL) અને લાર્સન એન્ડ ટુબ્રો (LT) સાથે પણ વાતચીત શરૂ કરી છે. ખઉક એ 'અરોવાના' (Arowana) નામનો પ્રોટોટાઈપ વિકસાવ્યો છે, જ્યારે LT એ SOV-400 ડિઝાઇન તૈયાર કરી છે. આ ઉપરાંત ઇટાલીની ડિફેન્સ કંપની ફિનકેન્ટિયરી (Fincantieri) અને ડ્રાસ (Drass) સહિત ઘણી યુરોપિયન કંપનીઓની ડિઝાઇન પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. નૌસેના આ વિદેશી અને સ્વદેશી વિકલ્પોનું મૂલ્યાંકન તેમની તકનીકી ક્ષમતા, છીછરા દરિયાઈ વિસ્તારોમાં ઓપરેશન અને સ્પેશિયલ ફોર્સની જરૂરિયાતોને આધારે કરી રહી છે.

મિની સબમરીન સામાન્ય યુદ્ધક સબમરીનની સરખામણીમાં ઘણી નાની હોય છે. તેમનું વજન લગભગ ૧૫૦ થી ૫૫૦ ટન સુધી હોઈ શકે છે, અને તે ૮ થી ૨૦ કમાન્ડોને લઈ જવા માટે સક્ષમ હોય છે. તેમાં ઓછો અવાજ પેદા કરતી ટેકનોલોજી, આધુનિક સેન્સર્સ અને છીછરા દરિયાઈ વિસ્તારોમાં સરળતાથી ઓપરેટ કરવાની ક્ષમતા હોય છે.



સમુદ્રમાં MARCOS દુશ્મનોનો કરશે ખાતમો : યુરોપિયન અને સ્વદેશી કંપનીઓ સાથે મંત્રણા શરૂ: નૌસેનાની તાકાતમાં થશે વધારો

# કર્ણાટકના CM શિવકુમાર : જી પરમેશ્વર Dy.CM

## ડીકે શિવકુમારે રાજયના ૧૮મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા; રાહુલ અને ખડગે ઉપસ્થિત : યતિન્દ્રસિદ્ધારમૈયા, યુટી ખાદર, એમબી પાટિલ, કેજે જ્યોર્જ, સતીશ જરકીહોલી, રામલિંગા રેડ્ડી અને પ્રિયંક ખડગેનો સમાવેશ થાય છે








બેંગલુરુ,તા.૩

દક્ષિણ ભારતના કોંગ્રેસના સૌથી જાણીતા નેતાઓ પૈકી એક ડીકે શિવકુમારે આજે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે, જેનાથી બે વર્ષથી ચાલી રહેલા લાંબા ઝઘડાનો અંત આવ્યો છે. તેમના પુરોગામી સિદ્ધારમૈયાના પુત્ર યતિન્દ્ર સિદ્ધારમૈયા સહિત ૧૩ મંત્રીઓના મંત્રીમંડળે પણ શપથ લીધા છે. રાજ્યના ગૃહમંત્રી તરીકે સેવા આપનારા જી પરમેશ્વરે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. કેબિનેટમાં યુટી ખાદર, એમબી પાટિલ, કેજે જ્યોર્જ, કેએચ મુનિયપ્પા, સતીશ જરકીહોલી, રામલિંગા રેડ્ડી, કૃષ્ણ બાયરેગૌડા, પ્રિયંક ખર્ગે, ઈશ્વરખંડે, બાયરથી સુરેશ અને શરણ પ્રકાશ પાટીલ પણ સામેલ હતા. રાજ્યસભાની ચૂંટણી પછી મંત્રીમંડળનો વિસ્તાર થવાની ધારણા છે. રાજ્યપાલ થાવર ચંદ ગેહલોતે બેંગલુરુના લોકભવનમાં ગ્લાસ હાઉસ ખાતે સાંજે ૪:૧૦ વાગ્યે શિવકુમારને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. દક્ષિણ ભારતમાં કોંગ્રેસના મુખ્ય મુશ્કેલીનિવારક માનવામાં આવતા શિવકુમાર સિદ્ધારમૈયાના સ્થાને આવશે, જેમણે ૨૮ મેના રોજ પક્ષના નેતૃત્વ દ્વારા સંમત થયેલા પૂર્વ-આયોજિત નેતૃત્વ સંક્રમણના ભાગ રૂપે રાજીનામું આપ્યું હતું.

શપથ સમારોહ દરમિયાન, નવા મુખ્યમંત્રી બંધારણની નકલ લઈને આવ્યા હતા. ડીકે શિવકુમારે એરપોર્ટ પર રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખર્ગેનું સ્વાગત કર્યું હતું. ઉપમુખ્યમંત્રી પદ માટે જી પરમેશ્વરની પસંદગી કોંગ્રેસનું સંતુલન સાધવાનું કાર્ય માનવામાં આવે છે, જેને શિવકુમાર માટે રસ્તો બનાવવા માટે સિદ્ધારમૈયાને ટોચના પદ પરથી હટાવવા પડ્યા હતા. સિદ્ધારમૈયાનો અહિંદા મતદારોમાં ભારે પ્રભાવ હતો - જેમાં પછાત વર્ગો, દલિત અને ધાર્મિક લઘુમતીઓનો સમાવેશ થાય છે. પરમેશ્વર દલિતોમાં એક પ્રભાવશાળી નેતા છે. તેમને સિદ્ધારમૈયાના નજીકના વિશ્વાસુ પણ માનવામાં આવે છે.

આ કાર્યક્રમમાં હાજરી આપનારાઓમાં કોંગ્રેસ વડા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના મુખ્ય પ્રધાનો વીડી સતીશન (કેરળ), રેવંત રેડ્ડી (તેલંગાણા) અને સુખવિંદર સિંહ સુખુ (હિમાચલ પ્રદેશ)નો સમાવેશ થાય છે. આજે વહેલી સવારે, શિવકુમારે સિદ્ધારમૈયા, ભાજપના વરિષ્ઠ નેતા બીએસ યેદિયુરપ્પા અને ભૂતપૂર્વ વડા પ્રધાન એચડી દેવેગૌડાને ઔપચારિક રીતે મળ્યા હતા અને તેમને લોકભવનમાં શપથ સમારોહમાં આમંત્રણ આપ્યું હતું.

ગયા અઠવાડિયે, કેરળમાં સરકાર બનાવ્યા પછી અને તમિલનાડુમાં સરકારનો ભાગ બન્યા પછી, કોંગ્રેસે કર્ણાટકમાં વણસતી પરિસ્થિતિને સંબોધિત કરી હતી. સિદ્ધારમૈયાના શાસન પર વધી રહેલા સત્તા વિરોધી વલણ વચ્ચે પ્રિયંકા ગાંધી વાડ્રા અને સોનિયા ગાંધીના આગ્રહ પર આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સિદ્ધારમૈયા સાથે ૩૫ મિનિટની વાતચીતમાં, રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું કે તેમણે હવે રાજ્યની બહાર જઈને રાજ્યસભાના સભ્ય તરીકે રાષ્ટ્રીય રાજકારણમાં યોગદાન આપવું જોઈએ. સિદ્ધારમૈયા રાજીનામું આપવા સંમત થયા હતાં.

હાઉસ કીપીંગ અને એફએમસીજી પ્રોડક્ટ્સનો બિઝનેસ શરૂ કરવાના નામે કારસ્તાન

# ભાગીદારો સાથે પોણા કરોડની ઠગાઈ

## ખોટી સહીઓ કરી નોટરી સમક્ષ બોગસ રિટાયરમેન્ટ ડીડ બનાવ્યું, અલગ અલગ ફાયનાન્સ કંપનીઓમાંથી લોન લઈ ખાતામાં ટ્રાન્સફર કરી લીધીઃ જયદીપ તન્ના, તેના પત્ની, પિતા સહિત ચાર સામે એ ડિવિઝનમાં ગુનો દાખલ

રાજકોટ,તા.૩

શહેરના ૧૫૦ ફટ રિંગ રોડ પર આવેલ કરણ પાર્ક વિસ્તારમાં રહેતા વેપારી અને તેમના ભાગીદાર સાથે રૂ. ૭૫,૨૨,૮૧૯ની મસમોટી લોન મેળવી છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાઇ છે. એક જ પેઢીમાં સાથે કામ કરતા ભાગીદારે પોતાની પત્ની અને પિતા સાથે મળીને, અન્ય ભાગીદારોની જાણ બહાર ખોટી સહીઓ કરી બોગસ રિટાયરમેન્ટ ડીડ (નિવૃત્તિ દસ્તાવેજ) તૈયાર કર્યો હતો. આ બોગસ દસ્તાવેજોના આધારે અલગ-અલગ ફાયનાન્સ કંપનીઓમાંથી લાખો રૂપિયાની લોન મેળવી પોતાના પર્સનલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હોવાનો પર્દાફાશ થયો છે. અદાલતના આદેશ બાદ પોલીસે આ મામલે ચાર શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદની વિગત મુજબ, રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ, ઈમ્પીરીયલ હાઈટ્સની પાછળ વિદ્યુતનગર મેઈન રોડ પર કરણ પાર્ક શેરી નં.૧ માં રહેતા રોશનભાઈ હરીશભાઈ ધીંગાણી (ઉ.વ.૩૮) એ ફરિયાદ નોંધાવી છે. રોશનભાઈ અને તેમના મિત્ર જયદીપ તન્નાએ વર્ષ ૨૦૨૦માં હાઉસ કીપીંગનો બિઝનેસ શરૂ કરવાનું આયોજન કર્યું હતું. આ દરમિયાન તેઓ માલવભાઈ રૂપેરાના સંપર્કમાં આવ્યા હતા. માલવભાઈની 'ગ્રીનીઝોન એન્ટરપ્રાઈઝીસ' નામની પેઢી ચાલતી હોવાથી, ત્રણેય જણાએ ભાગીદારીમાં બિઝનેસ કરવાનું નક્કી કર્યું હતું. તા. ૦૪/૦૧/૨૦૨૦ ના રોજ અમદાવાદ ખાતે પાર્ટનરશીપ ડીડ કરવામાં આવ્યું હતું, જેમાં માલવભાઈનો હિસ્સો ૩૪% તથા રોશનભાઈ અને જયદીપ તન્નાનો હિસ્સો ૩૩-૩૩% રાખવામાં આવ્યો હતો.




સી.એ.નો અભ્યાસ કરેલ હોવાથી પેઢીના તમામ વહીવટી અને નાણાકીય હિસાબો જયદીપ તન્ના સંભાળતો હતો. શરૂઆતમાં બિઝનેસ બરાબર ચાલ્યો હતો અને ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં તેઓએ બિઝનેસમાં ત્ર્એમસીજી પ્રોડક્ટ્સનો પણ ઉમેરો કર્યો હતો.

ડિસેમ્બર-૨૦૨૪ પછી જયદીપ તન્નાએ માસિક નફા-નુકસાનનો હિસાબ આપવામા આનાકાની શરૂ કરી હતી અને અવનવા બહાના બતાવતો હતો. આથી રોશનભાઈ અને માલવભાઈને શંકા જતાં તેઓએ તા. ૨૬/૦૨/૨૦૨૫ ના રોજ બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ કઢાવ્યું હતું. સ્ટેટમેન્ટ જોતાં જ બંને ભાગીદારોના હોશ ઊડી ગયા હતા. જયદીપ તન્નાએ રોશનભાઈ અને માલવભાઈની સહીઓ કે મંજૂરી વગર, તેમજ તેમને જાણ કર્યા વગર પેઢીના નામે અલગ-અલગ પાંચ ફાયનાન્સ કંપનીઓમાંથી કુલ રૂ. ૩૫,૨૨,૮૧૯ની લોન ઉપાડી લીધી હતી અને આ તમામ રકમ પોતાના અંગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. જેમાં બજાજ ફાયનાન્સમાંથીઃ રૂ. ૭,૯૦,૫૦૦, ટાટા કેપીટલ ફાયનાન્સમાંથીઃ રૂ. ૧૩,૪૩,૨૮૦, ચોલા ફાયનાન્સમાંથીઃ રૂ. ૧૬,૪૮,૬૭૬, માસ ફાયનાન્સમાંથીઃ રૂ. ૨,૦૧,૫૯૭ અનેએલ.એન.ટી. ફાયનાન્સમાંથીઃ રૂ. ૧૪,૩૮,૭૬૬ની રકમો સામેલ છે.

જ્યારે આ અંગે વધુ તપાસ કરવામાં આવી ત્યારે સામે આવ્યું કે, જયદીપ તન્નાએ રોશનભાઈ અને માલવભાઈ પેઢીમાંથી છૂટા થઈ ગયા છે તેવું દર્શાવતું એક તદ્દન ખોટું અને બોગસ 'રિટાયરમેન્ટ ડીડ' (નિવૃત્તિ દસ્તાવેજ) તૈયાર કર્યું હતું. આ દસ્તાવેજ પર નોટરી પંકજ જોટંગીયાની રૂબરૂમાં રોશનભાઈ અને માલવભાઈની ખોટી સહીઓ કરવામાં આવી હતી.

ત્યારબાદ, જયદીપે પોતાની પત્ની ચેતનાબેન તન્નાને નવી ભાગીદાર તરીકે દર્શાવી એક નવું 'પાર્ટનરશીપ ડીડ' પણ બનાવી લીધું હતું. આ બોગસ દસ્તાવેજમાં જયદીપના પિતા પ્રકાશભાઈ તન્નાએ સાક્ષી તરીકે સહી કરી હતી. આ નકલી દસ્તાવેજોને સાચા તરીકે ઉપયોગ કરી અલગ-અલગ ફાયનાન્સ કંપનીઓમાં રજૂ કરીને લોન મેળવવામાં આવી હતી.

આ સમગ્ર છેતરપિંડી આચરી હોવાની જાણ થતાં જ રોશનભાઈ અને માલવભાઈએ અગાઉ પોલીસમાં અરજી કરી હતી તેમજ રાજકોટની ટ્રાફિક કોર્ટમાં ફોજદારી ઈન્કવાયરી દાખલ કરાવી હતી. નામદાર કોર્ટે આ મામલે ગંભીરતા દાખવી એફઆઈઆર દાખલ કરવાનો હુકમ કર્યો હતો. કોર્ટના આદેશના આધારે રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે જયદીપ પ્રકાશભાઈ તન્ના, તેના પત્ની ચેતનાબેન જયદીપભાઈ તન્ના, પિતા પ્રકાશભાઈ તન્ના અને નોટરી પંકજ જોટંગીયા સામે કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે. પોલીસ ઈન્સપેક્ટર જે. વી. વાઢીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.આર. ચાવડા વધુ તપાસ કરે છે.

# નાગરિક બેંક આયોજીત નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું સમાપન

## તાલીમાર્થીઓને મનોરમ્ય સર્ટીફીકેટ કરાયા એનાયત : ક્રિકેટમાં કારકીર્દિ શુભેચ્છા આપતા દિનેશભાઇ પાઠક



રાજકોટ, તા.૩

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા આયોજીત ૨૮'માં નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનો સમાપન સમારોહ બેંકની હેડ ઓફિસ ખાતે યોજાયો હતો. તાલીમાર્થી બાળકોને પ્રેરણાત્મક ફિલ્મ બતાવવામાં આવી હતી. દરેક તાલીમાર્થીને મનોરમ્ય સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠકે જણાવ્યું હતું કે, કેમ્પનો આજે સમાપન સમારોહ છે. શુભારંભ સમારભ વખતે મે ઘણી બધી વાત રજુ કરી હતી. આજે ફરીથી એક વાત કહીશ, આ કેમ્પમાં એક વખત સિવાય બીજી, ત્રીજી કે તેનાથી વધુ વખત આવનાર બાળકો ઘણા બધા છે. આપ એકથી વધુ વખત તાલીમ લીધી છે તેનો અર્થ તેમને કેમ્પમાં મજા આવે છે અને માત્ર મજા આવે છે તેવું નથી પરતુ શીખવા મળે છે એટલે મજા આવે છે. વેકેશનના સમયમાં, ફરવા જવાનું કે આરામ કરવાને બદલે, વહેલી સવારની ઉંઘ બગાડી કેમ્પમાં આવી જાય અને દર વર્ષે આવે એવું તો જ બને કે અહીં કઇક શીખવા મળવું હોય તો. ફરીથી આવતા વર્ષે પણ આવજો. તમને સહુને આ રમતમાં કારકિર્દી બનાવવા માટે ખૂબ ખૂબ શુભેચ્છા.

ક્રિકેટ કોચીંગ કેમ્પના કોચ અને ફીલ્ડ ઇન્ચાર્જ કૌશિકભાઇ અઢીયાએ વિસ્તૃત વિગત આપતાં જણાવ્યું હતું કે, આ કેમ્પનું સમગ્ર આયોજન રાજકોટ નાગરિક સહકારી બેક કરે છે. ફક્ત ખર્ચ આપવા પુરતુ જ નહિ પરંતુ બેંકના પદાધિકારીઓ, કર્મચારીઓ સતત હાજર રહી કેમ્પને સફળ બનાવવા માટે અથાગ મહેનત કરે છે. ક્રિકેટ કોચીંગ કેમ્પની જેમ બેંકની અનેક સેવાકીય અને સભાસદ કલ્યાણકારી પ્રવૃત્તિ કરે છે.

સમાપન સમારોહમાં દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), પ્રોજેક્ટ ચેરમેન દીપકભાઇ મકવાણા, પ્રોજેક્ટ ડિરેકટર હસરાજભાઇ ગજેરા, વિક્રમસિંહ પરમાર, ડિરેકટરગણમાંથી હસમુખભાઇ ચંદારાણા, ડો. એન. જે. મેઘાણી, નવીનભાઇ પટેલ, સીએ. ભોમિકભાઇ શાહ, જ્યોતિબેન ભટ્ટ, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી હસરાજભાઇ ગજેરા અને વિજયભાઇ કોઠારી, વિનોદ શર્મા (જનરલ મેનેજર-સીઇઓ), કોશિકભાઇ અઢીયા (કોચ અને ફીલ્ડ ઇન્ચાર્જ), ભવાનીસિંહ રાઠોર (એજીએમ-એકાઉન્ટ), વિપુલભાઇ દવે, ભરતભાઇ કુવરીયા, અજયભાઇ ચાવડા- જીજ્ઞેશભાઇ દવે (વહીવટી ઇન્ચાર્જ), હિતેશભાઇ ચોક્સી- કમલેશભાઇ રાઠોડ- વૈરાજભાઇ જાની (સંયોજક), શાખા વિકાસ સમિતિના સદસ્યો, તાલીમાર્થી બાળકો અને નાગરિકપરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ભરતભાઇ કુવરીયાએ ક્યું હતું.

આવતા જતા લોકોને ફકીર શખ્સો ગાળો ભાંડતા હોઈ પાનની કેબીન વાળા સમજાવવા જતાં લોખંડના પાઇપ અને પથ્થરો વડે ચાર જણા તૂટી પડ્યા

# ઢેબર રોડ પર ફૂટપાથ પર પડ્યા રહેતા શખ્સોનો આતંકઃ મામા-ભાણેજ પર હુમલો

રાજકોટ,તા.૩

શહેરમાં સરાજાહેર માથાકૂટની વધુ એક ઘટના સામે આવી છે. ઢેબર રોડ પર ખોડિયાર માતાજીના મંદિર પાસે ફૂટપાથ પર રહેતા ફકીરોએ માર્ગ પરથી પસાર થતા લોકોને ગાળો ભાંડતા તેને સમજાવવા ગયેલા કેબિન સંચાલક મામા અને તેમના ભાણેજ પર લોખંડના પાઇપ અને પથ્થરો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ભાણેજના માથામાં ગંભીર ઈજાઓ થતાં સાત જેટલા ટાંકા આવ્યા છે, જ્યારે મામાને પણ ઢીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડવામાં આવી છે. આ અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ ફરિયાદ અનુસાર, પૂજારા પ્લોટ શેરી નં. ૨માં રહેતા અને ઢેબર રોડ કાંતા વિકાસ ચોક પાસે પાનની કેબિન ધરાવતા હકાભાઈ ભગુભાઈ સોલંકીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. હકાભાઈ અને તેમનો ભાણેજ શની લાલજીભાઈ પરમાર ત્યાં વેપાર કરે છે. છેલ્લા ત્રણેક દિવસથી ઢેબર રોડ પર ફૂટપાથ ઉપર સૂતો એક અંદાજે ૨૫થી ૩૦ વર્ષનો ફકીર રસ્તે આવતા-જતા લોકોને ગમે તેમ ગાળો બોલતો હતો. સવારે આશરે નવેક વાગ્યે આ ફકીર ફરીથી રસ્તા પર પથ્થર ફેંકીને ગાળો બોલી રહ્યો હોવાથી, ભાણેજ શની તેને પોતાની એકટીવા મોટરસાયકલ પર સુપર ફર્નિચર પાસે રોડ ઉપર સમજાવવા ગયો હતો.

શાંતિથી સમજાવવા ગયેલા શની પર ફકીર એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. આ દરમિયાન ફૂટપાથ પરથી અન્ય ત્રણ ફકીરો જેમાં એક ફેજમહમદ તરીકે ઓળખાય છે તે ત્યાં દોડી આવ્યા હતા. તેમાંથી એક શખ્સે લોખંડના પાઇપ વડે શનીના માથાના ભાગે જોરદાર ઘા ઝીંકી દીધો હતો, જેના કારણે તે લોહીલુહાણ થઈ ગયો હતો.



જ્યારે હકાભાઈ વચ્ચે બચાવવા પડ્યા, ત્યારે અન્ય શખ્સોએ તેમના પર પથ્થરમારો કર્યો હતો અને લોખંડના પાઇપ વડે ડાબા પગે તેમજ ડાબા ખભાના ભાગે ઈજા પહોંચાડી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ હુમલાખોરોએ શનીની એક્ટિવા મોટરસાયકલને પણ પથ્થરો મારીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું.

હુમલાના પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. મંદિરે દર્શને આવેલા પરિચિત અનિરૂધ્ધસિંહ ઝાલા સહિતના લોકોએ ઈજાગ્રસ્ત શની અને હકાભાઈને તાત્કાલિક સારવાર માટે 'મધુરમ હોસ્પિટલ' ખસેડ્યા હતા. જ્યાં શનીને માથાના ભાગે પાઇપ વાગવાથી આશરે સાતેક ટાંકા અને હાથની આંગળી પર ટાંકા આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ બંનેને રજા આપવામાં આવી છે. આ હુમલા અંગે ભક્તિનગર પોલીસ મથકના એ.એસ.આઈ. હરસુરભાઈ કે. ડાંગરે ગુનો નોંધી, જાહેરનામાના ભંગ અને હુમલાની કલમો હેઠળ ચારેય ફકીરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિશ્વ પર્યાવરણ દિવસ

## જ્યારે પર્યાવરણ આપણી હીન વૃત્તિથી દીન બન્યું છે, ત્યારે...

રાજકોટ,તા.૩

પર્યાવરણ દ્વારા આદિકાળથી આપણી રક્ષા અને વૈવિધ્યતા સાથે પાલન થતું આવ્યું છે. અત્યારે આપણી આર્થિક દોડ અને કીને કઈ રીતે શ્રેષ્ઠ બનવાની દોડના કારણે આપને સહુએ પરયાવરને દીન બનાવી દીધું છે.

પર્યાવરણમાં એક યા બીજી રીતે ઘણા પ્રકારના પ્રદુશાનો ઉભા કર્યા છે. માત્ર હવા, પાણી ભૂમિ ઉપર જ પ્રદુષણ નથી. ઘણા દુષણોને કારણે અવાજ, દ્રષ્ટિ સામાજિકતામાં શ્રેષ્ઠતા પામવા વૈચારિક પ્રદુષણ, આર્થિક દુષણ, એ પણ પ્રદુષણ દેખાદેખીમાં નૈતિકતામાં નીચે ઉતરી જવું એ પણ પ્રદુષણ છે.

માનવિય રીતે એક બીજા સામે સ્પધ્ર્ધામાં છળકપટ, અન્ય રીતે નીચા ઉતારવા એ પણ એજ દુષણના રૂપમાં પ્રદુષણ છે.

અત્યારની જીવનશૈલીમા માણસ વિશેષથી આધિપત્ય સ્થાપવા માટે હંમેશા અન્યના ધોરણે સ્પર્દ્ધા કરે છે. હિકકત જીવન જીવનમાં અને આગળ વધવામાં સ્વના ધોરણે સ્પર્દ્ધા કરવાથી પોતે ક્યા કેવી રીતે આવેલા વિશેષ અવરોધોના નિરાકરણ કરવા માટે પોતેજ નિરાકરણ લાવે છે. અન્ય સાથેની સ્પર્દ્ધામાં સ્પર્દ્ધા દરમિયાન ઘણા પ્રકારના સંઘર્ષોનો સામનો કરી અને મૂળ ઉદેશ ભૂલી જઈને માનસિક પ્રદુષણના શિકાર બનીએ છીએ.

''વૃક્ષ રક્ષતિ ન પ્રકૃતિ-સંસ્કૃતિ'' એ ઉદેશને સાર્થક કરવા આપણી પણ ફરજ છે કે જન્મના પ્રારંભથી જીવનના અંત સુધી આપણે જીવનપર્યત પ્રકૃતિનો તમામ આયામે બેફામ ઉપયોગ કરી તેની આપૂર્તિમાં ખુબજ બેદરકાર છીએ. નાહકના આપણે ''વસુંધરા''ને એક યા બીજી રીતે જેમકે વિના કારણ વૃક્ષ છેદન, પાણીનો બગાડ, પાણીમાં ઘાતક તત્વોનો ઉમેરો કરી જળચર શ્રુષ્ટિનો વિનાશ, વાયુમંડળમાં ઝેરીલા ગેસ, જમીન સ્તરમાં વિશાલ પ્રમાણમાં કેમિકલ્સ, ઝેરી રસાયણો , વિના કારણ અવાજના પ્રદુષણ ઘોંઘાટમય જીવન જીવી માનસિકતાના અસંતુલન ઉભા કરવા બિનજરૂરી લાઈટસના વપરાશથી રાત્રી દરમિયાન જીવ શ્રુષ્ટિના જીવનમાં ખલેલ પહોંચાડવી, ખોટી રીતે દ્રશ્ય-શ્રાવ્ય સાધનોના મહત્તમ ઉપયોગ કરી સ્વાસ્થ્ય સંબંધિત વિશેષ ઉભા કરી વાતાવરણને બગાડવું આ ઉપરાંત ભારત દેશ ''ખેતી પ્રધાન દેશ'' હોવા છતાં એક ય બીજી રીતે ખેતીને રાજકીય રીતે કાયદાકીય રીતે પ્રાધાન્ય ન મળે તેવા પ્રયાસોનાં કારણે સાથોસાથ આપણા કાયદાઓની છટકબારીઓના કારણે ''દેશના દુશ્મનો'' ડુપ્લીકેટ પેસ્ટીસાઈડ ફર્ટીલાઈઝર્સના ઉત્પાદનો કરી અભણ અને ભોળા ખેડૂતો સાથે લોભામણી સ્કીમો દ્વારા કરોડો લીટર પ્રદુષણ ફેલાવતા ઉત્પાદનો પંક ઉપર ઉપયોગ કરાવી '' અર્થતંત્ર અને જૈવિક તંત્ર'' ઉપર ઘાતકતા લાવી મહાવિનાશ તરફ દેશને ધકેલી રહ્યા છે.ત્યારે ચોક્કસ રીતે કડક કાર્યવાહી સાથે આપણે સહુએ જાગવું જરૂરી છે.

ખેર, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નગર નગર શેરી શેરીએ થવા જરી રહી છે. ત્યારે જાગૃત નાગરિક તરીકે વસુંધરાનું પૂજન થાય, હવા, પાણી, વાયુ, ભૂમિ, વૃક્ષ, જીવ સૃષ્ટિનું જતન કરવું, કરાવવું અને ન કરીએ તો નડવું નહિ એ સાથે વૃક્ષ જળ, પરિસરના તમામ જૈવિક, ભૌતિક અયામોનું જતન કરીએ એજ પર્યાવરણ દિવસની ઉજવણી સાર્થક ગણાશે. આપણા શાસ્ત્રોમાં પણ પર્યાવરણના જતન માટે જળ, ધરા, વૃક્ષોના જતન માટે વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે...

દશ કૂપ સમાં વાપી, દશ વાપી સમો હદઃ
દશ હદ સમઃ પુત્રો, દશ પુત્ર સમો હમ :

એટલે દશ કૂવા બરાબર એક વાવ, દશ વાવ બરાબર એક તળાવ. દશ તળાવ બરાબર એક પુત્ર અને દશ પુત્ર બરાબર એક વૃક્ષ જેટલું મહત્વ છે.

આથી ચાલો સહુ સાથે મળી આપણી શારીરિક/માનસિક આર્થીક શક્તિ મુજબ ''વસુંધરા''ને તમામ સ્તરે નવપલ્લિત -શૃંગાર કરવા અને માં નો શૃંગાર '' કાયમી રહે તે માટે જળ, સ્થળ અને વાયુ, ધરાના તમામ જીવોને જીવવાનો અધિકાર આપી આપણી આવનારી પેઢીને સારું, હરિયાળું, પવિત્ર માધ્યમ સરિતાના કિનારાઓને બે કાંઠે વહેતા રૂપમાં નિહાળવા પ્રયાસ કરીએ તેવી પ્રાર્થના....

**ડો. કે.ડી.હાપલીયા,**
**દીક્ષિતા હર્ષિત હાપલીયા**






# આંતરરાષ્ટ્રીય ડ્રાઈવિંગ લાઈસન્સ ઈસ્યુ કરવામાં રાજકોટ અગ્રેસર

## ૭૦૦૦ થી વધુ લોકોએ છેલ્લા દસ વર્ષમાં મેળવ્યું આંતરરાષ્ટ્રીય લાઈસન્સ

રાજકોટ, તા..૩

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે વિદેશથી નવ યુવાનો રાજકોટ આવી રહ્યા છે એટલું જ નહીં વિદેશના લોકો પણ રાજકોટથી આવતા નજરે પડ્યા છે તેની સામે આંતરરાષ્ટ્રીય લાઈસન્સ ની અરજીઓનું પ્રમાણ પણ વધ્યું. હાલ જે માહિતી મળી રહી છે તે મુજબ વિશ્વના ૧૦૦થી વધુ દેશમાં માન્ય ગણાતા ગુજરાતના ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવનારાઓની સંખ્યામાં ઉતરોતર વધારો નોંધાઈ રહ્યો છે. વિદેશ અભ્યાસ અર્થે જનારા વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવું ખૂબ જરૂરી છે.

વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં માન્ય ગણાતા ગુજરાતનાં ડ્રાઈવીંગ લાયસન્સ મેળવનારાઓની સંખ્યામાં દર વર્ષે વધારો નોંધાઇ રહ્યો છે. ખાસ કરીને વિદેશમાં અભ્યાસ અર્થે જતાં વિદ્યાર્થીઓ સૌથી વધુ ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ લાયસન્સ મેળવનારા છે. રાજકોટની જ વાત કરીએ તો છેલ્લા છ વર્ષ દરમિયાન દર વર્ષે રાજકોટમાંથી આંતરરાષ્ટ્રીય લાયસન્સ મેળવનારા, લોકોની સંખ્યામાં ઉતરોતર વધારો નોંધાઇ રહ્યો છે.

રાજકોટ જિલ્લા આરટીઓ અધિકારી ઈન્દ્રજીત ટાંકનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે વર્ષ ૨૦૨૧થી ચાલુ વર્ષ ૨૦૨૬ સુધીમાં રાજકોટ આરટીઓ તંત્રએ ૭૨૩૭ ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કર્યા છે. છેલ્લે સૌથી વધુ વર્ષ ૨૦૨૫માં ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ લાયસન્સ અપાયા હતા.

વિગતો આપતા વધુમાં તેઓએ જણાવેલ હતું કે, વર્ષ ૨૦૨૧ દરમિયાન ૪૪૯ તથા વર્ષ ૨૦૨૨માં ૧૨૧૪, વર્ષ ૨૦૨૩માં ૧૫૬૮, વર્ષ ૨૦૨૪માં ૧૫૭૪ અને વર્ષ ૨૦૨૫માં ૧૬૨૧ ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ લાયસન્સ અપાયા હતા. જ્યારે ચાલુ વર્ષ ૨૦૨૬માં આજ સુધીમાં ૮૧૧-ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. આમ છ વર્ષ દરમિયાન રાજકોટમાંથી આરટીઓ તંત્રએ કુલ ૭૨૩૭ આંતરરાષ્ટ્રીય ડ્રાઈવિંગ, લાયસન્સ આપેલ છે. જો કે, રાજકોટ આરટીઓ દ્વારા છ વર્ષ દરમિયાન સૌથી વધુ વર્ષ ૨૦૨૫માં ૧૬૨૧ ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવેલ હતા. આમ ઉતરોતર રાજકોટમાંથી પણ ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ લાયસન્સ લેનારા લોકોની સંખ્યામાં વધારો નોંધાઇ રહ્યો છે.

પરંતુ હાલ જરૂરી એ છે કે વિદેશ અભ્યાસ અર્થે જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો નોંધાય છે જેના ભાગરૂપે હાલ આરટીઓ કચેરી દ્વારા આંતરરાષ્ટ્રીય લાયસન્સ આપવામાં આવી રહ્યા છે ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર આ સર્ટિફિકેટ અને લાયસન્સ નું પ્રમાણે આવનારા દિવસોમાં પણ વધુ જોવા મળે તો નવાઈ નહીં . હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો આંતરરાષ્ટ્રીય શિક્ષણ અર્થે જનારા ગુજરાતી વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવવું ખૂબ જરૂરી છે અને જેની સંખ્યામાં હાલ પુત્રોતર વધારો પણ નોંધાઈ રહ્યો છે.

# ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈ આજે કલેકટરો સાથે ચૂંટણી આયોગની બેઠક

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચનો થશે હિસાબ



રાજકોટ, તા. ૩

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે ત્યારે આજે ૧૨:૩૦ વાગ્યે રાજ્ય ચૂંટણી કમિશનર દ્વારા રાજકોટ સહિત તમામ જિલ્લા કલેકટરો સાથેની વિડિઓ કોન્ફરન્સ યોજવામાં આવશે.

આ વિડીયો કોન્ફરન્સમાં રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે મ્યુ.કમિશ્નર સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે. આ વિડીયો કોન્ફરન્સમાં આગામી સમયમાં યોજાનાર રાજયની અંદાજે ૭૦૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીની પૂર્વ તૈયારીઓ અંગેની સમિક્ષા કરવામાં આવશે. તેની સાથોસાથ ફેબ્રુઆરી-૨૦૨૫, જુન-૨૦૨૫ની ગ્રામ પંચાયત (સરપંચ) તેમજ એપ્રિલ ૨૦૨૬માં યોજાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં હરિફ ઉમેદવારોએ રજૂ કરવાના થતા હિસાબોની સમિક્ષા કરાશે. આ ઉપરાંત ઉમેદવારોના ઈ-ડેશ બોર્ડમાં અપલોડ કરેલ અને રજૂ કરવાના બાકી હિસાબોની વિગતો માંગવામાં આવશે. તેની સાથોસાથ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની ચૂંટણીમાં અનુસુચિત આદિજાતિના વિજેતા થયેલા ઉમેદવારો પૈકી વિશ્લેષણ સમિતીને મોકલવાના બાકી કેસોની સમિક્ષા કરાશે.

આ ઉપરાંત આગામી સમયમાં યોજાનારી રાજયની ગ્રામ પંચાયતોની ચૂંટણી તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા, થરા નગરપાલિકા, ઓખા નગરપાલિકા અને સ્થાનિક સ્વરાજયના અન્ય એકમોમાં પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની સામાન્ય/ પેટા ચૂંટણી યોજવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. આ ઉપરાંત રાજય ચૂંટણી આયોગ દ્વારા કેન્દ્રીયકૃત રીતે ખરીદ કરાયેલ રિ-યુઝેબલ મતકુટીરની ઉપલબ્ધતાની સ્થિતિની પણ આ કોન્ફરન્સમાં સમિક્ષા કરવામાં આવનાર છે.

હાલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની જેમ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પણ હવે યોજવાની છે જેને લઈ હાલ અત્યારથી જ તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને મળતી માહિતી મુજબ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટેની ખાસ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે જે અંગે નો રિપોર્ટ આજે રાજ્ય ચૂંટણી આયોગ કલેકટર પાસેથી મેળવશે.

# રવિવારે GPSC વર્ગ ૧ - ૨ની પરીક્ષા

રાજકોટ, તા. ૩

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન બાદ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રવિવારે વર્ગ એક અને બે ની વિવિધ જગ્યાઓ માટે પ્રિલિમિનરી પરીક્ષા લેવામાં આવશે જે માટેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાય તે માટે જિલ્લા કલેકટરના વડપણ હેઠળ ચુસ્ત કામગીરી કરવામાં આવી છે અને તૈયારીઓ પણ પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું હાલ જાણકાર વર્તુળો કરી રહ્યા છે.

રાજકોટ ખાતે સૌરાષ્ટ્રભરના ૫૯૫૪ ઉમેદવારો પરીક્ષામાં બેસનાર છે. આ અંગે આવતીકાલે તા.૪ને ગુરુવારે સાંજના ૫ વાગ્યે ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેન હસમુખ પટેલ દ્વારા રાજ્યભરના જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ આયોજિત કરવામાં આવી છે. રાજકોટ કલેક્ટર કચેરી ખાતે યોજાનારી આ વીડિયો કોન્ફરન્સમાં કલેક્ટર ડો. ઓમપ્રકાશ ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલ તેમજ વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

ગુજરાત જાહેર સેવા આયોગની આ પ્રિલીમનરી પરીક્ષામાં બપોરના ૧૧ થી ૨ વાગ્યા દરમિયાન કોમન સ્ટડીઝનું પેપર લેવામાં આવશે. આ પરીક્ષા માટે રાજકોટની શાળા-કોલેજોના ૨૮ બિલ્ડીંગો પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.આ પરીક્ષા સુચારૂરૂપથી લેવાય તે માટે પરીક્ષા કેન્દ્રો પર વર્ગ-૧ અને ૨ના અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવશે. આ પરીક્ષા સંદર્ભે આવતીકાલે યોજાનાર વીડિયો કોન્ફરન્સમાં પરીક્ષાની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવશે. પરીક્ષાર્થઓને કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટે તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવું કલેક્ટર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.




**સૌરાષ્ટ્રના ૫૯૫૪ ઉમેદવારો આપશે કસોટી**

# અલ નીનોની આફતથી વરસાદ ઓછો ?



## ચોમાસાની પ્રણાલીને કરશે વિક્ષેપિત : અલ નીનો ઘટનાઓ સામાન્ય રીતે દર ૨ થી ૭ વર્ષે થાય છે

રાજકોટ, તા. ૩

યુએસ નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના હવામાનશાસ્ત્રીઓએ અલ નીનોને કારણે આ વર્ષે એટલાન્ટિક વાવાઝોડાની મોસમ સામાન્ય કરતાં ઓછી રહેવાની આગાહી કરી છે.

અલ નીનોને કારણે સામાન્ય કરતાં ઓછી પ્રવૃત્તિની શક્યતા ૫૫ ટકા અને સામાન્ય કરતાં વધુ પ્રવૃત્તિની શક્યતા ૧૦ ટકા છે. એટલાન્ટિક વાવાઝોડાની મોસમ જૂનની શરૂઆતથી ૩૦ નવેમ્બર સુધી ચાલે છે, જેમાં સપ્ટેમ્બરના મધ્યમાં તોફાનની ગતિવિધિઓ ટોચ પર પહોંચે છે. અલ નીનો એ મધ્ય અને પૂર્વીય પેસિફિક મહાસાગરમાં દરિયાની સપાટીના તાપમાનમાં સમયાંતરે વધારો છે, જે બદલામાં વરસાદ પ્રણાલીને વિક્ષેપિત કરે છે અને વિશ્વના ઘણા ભાગોમાં પૂર, દુષ્કાળ અને ગરમીના મોજાની તીવ્રતામાં વધારો કરી શકે છે. આ હવામાન ઘટના તેના સક્રિય તબક્કા દરમિયાન વૈશ્વિક સરેરાશ તાપમાનમાં વધારો કરે છે.

અલ નીનો ઘટનાઓ સામાન્ય રીતે દર ૨ થી ૭ વર્ષે થાય છે અને સામાન્ય રીતે ૯ થી ૧૨ મહિના સુધી રહે છે. તેની વિરુદ્ધ લા નીના છે, જેનો અર્થ પેસિફિક મહાસાગરમાં ઠંડુ તાપમાન થાય છે. અલ નીનો દરમિયાન, પવનો નબળા પડે છે અથવા દિશા બદલે છે, જેના કારણે ગરમ પેસિફિક પાણી પૂર્વ તરફ યુનાઈટેડ સ્ટેટ્સના દરિયાકાંઠા તરફ વહે છે. આ એટલાન્ટિક વાવાઝોડાની પ્રવૃત્તિ ઘટાડે છે જ્યારે પેસિફિકમાં વાવાઝોડાની પ્રવૃત્તિમાં વધારો કરે છે. જોકે અલ નીનો પેસિફિક મહાસાગરમાં ઉદ્ભવે છે, તેની અસરો વિશ્વભરમાં અનુભવાય છે. ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ અને મધ્ય આફ્રિકા અને એમેઝોન બેસિનમાં ભારે ગરમી અને જંગલમાં આગ લાગી શકે છે. યુનાઈટેડ સ્ટેટ્સના ભાગો, ખાસ કરીને દક્ષિણ ભાગમાં ભારે વરસાદ અને પૂર આવી શકે છે.

ઉત્તર અમેરિકામાં વધુ ભારે ગરમીનો અનુભવ થઈ શકે છે. અલ નીનોની સીધી અસર ભારત પર પડશે. તેના કારણે ઉનાળો લાંબો થઈ શકે છે.

ચોમાસાનો વરસાદ સામાન્ય કરતા ઓછો થઈ શકે છે, જેના કારણે પાકનું ઉત્પાદન ઓછું થઈ શકે છે અને ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો થઈ શકે છે. આબોહવા પરિવર્તનને કારણે ભારતમાં તાપમાન પહેલાથી જ વધી રહ્યું છે.

# ચોમાસામાં લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા હાઈલેવલ બેઠક



## નીચાણવાળા વિસ્તારો, નદી કિનારાના ગામો અને સંવેદનશીલ ઝોનમાં લેવાઈ રહેલા પગલાંઓનું થયું મૂલ્યાંકન

રાજકોટ, તા. ૩

રાજ્યમાં ચોમાસુ શરૂ થાય તે પૂર્વે જ રાજ્ય સરકાર દ્વારા સંબંધિત વિભાગો સાથે હાઈ લેવલ બેઠકનું આયોજન કર્યું હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આ બેઠક રાજ્યના મુખ્ય સચિવ એમ કે દાસના વડ પણ હેઠળ મળી હતી જેમાં ચોમાસા દરમિયાન સંભવિત સમસ્યાઓને પહોંચી વળવા અને નાગરિકોની સુરક્ષા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને અનેકવિધ મુદ્દાઓ પર નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ હાઈલેવલ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય રાજયમાં ચાલી રહેલી પ્રિ-મોન્સૂન કામગીરીની સમીક્ષા કરવાનો હતો. ચોમાસા દરમિયાન ભારે વરસાદ અથવા પૂર જેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે તંત્રની સજ્જતા કેવી છે, તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો, નદી કિનારાના ગામો અને સંવેદનશીલ ઝોનમાં લેવાઈ રહેલા પગલાંઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મુખ્ય સચિવે તમામ વિભાગોને સમયસર કામગીરી પૂર્ણ કરવા આદેશ આપ્યા છે.

આ બેઠકની ગંભીરતાને જોતાં તેમાં રાજ્યના પોલીસ વડા એટલે કે ડીજીપી સહિત સરકારના તમામ ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, કુદરતી આપત્તિઓ સામે લડવા માટે સક્ષમ એવી રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ બળ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ બળના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. હવામાન વિભાગના અધિકારીઓએ આગામી ચોમાસાના વર્તારા અને વરસાદની સંભાવનાઓ અંગે ટેકનિકલ વિગતો રજૂ કરી હતી.

બેઠકમાં આપત્તિ વ્યવસ્થાપન વિભાગ, ભારતીય સેના અને અન્ય સુરક્ષા દળોના ઉચ્ચ અધિકારીઓએ પણ ભાગ લીધો હતો. કટોકટીના સમયે બચાવ અને રાહત કામગીરી ઝડપથી શરૂ કરી શકાય તે માટે લશ્કરી દળો અને સ્થાનિક વહીવટી તંત્ર વચ્ચે કેવું પ્લાનિંગ હોવું જોઈએ તેની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. કોઈપણ આપત્તિની સ્થિતિમાં જુદા જુદા વિભાગો વચ્ચેનું પરસ્પર સંકલન સૌથી મહત્વનું સાબિત થાય છે. આ બેઠકમાં વહીવટી તંત્ર, પોલીસ, સેના અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો વચ્ચે આપત્તિના સમયે ઝડપી અને સચોટ માહિતીના આદાન-પ્રદાન તેમજ સંયુક્ત ઓપરેશન હાથ ધરવા માટેના આંતરિક સંકલન મિકેનિઝમ અંગે પણ વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# દેશી અને બાંગ્લાદેશી

## ઘુસણખોરોને તો ઝડપો જ,પણ અન્ય ખતરાને કમ ન આંકતા



રાજ્યમાં બાંગ્લાદેશી ઘુસણખોરોને પકડવા માટે હાલમાં મહા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ ઝુંબેશ અંતર્ગત જે રીતે પરદેશીઓના ટોળા ઝડપાઈ રહ્યા છે તે અત્યંત ચિંતાજનક અને શરમજનક બાબત છે. આટલી મોટી સંખ્યામાં વિદેશી તત્વો ઘુસી ગયા અને સ્થાનિક સ્તરે વસી પણ ગયા છતાં જવાબદાર તંત્રને તેની ગંધ સુદ્ધાં ન આવી? આ ઘટનાઓ આપણા ઢીલા સુરક્ષા તંત્ર હોવાની સીધી સાબિતી આપે છે.

જોકે ભૂતકાળમાં જે ભૂલો થઈ તે થઈ, પણ આ આકરૂં અભિયાન સમયની માગ હતું. હવે તંત્રએ આ આંતરિક સુરક્ષાની લડાઈને અધવચ્ચે છોડ્યા વગર રાજ્યના ખુણેખુણેથી આવા તમામ ગેરકાયદેસર તત્વોને શોધીને ઝડપી લેવા પડશે.પરંતુ આ રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતા વચ્ચે આપણે એક બીજી કડવી અને સ્થાનિક વાસ્તવિકતા તરફ પણ નજર દોડાવવી પડશે.

સૌરાષ્ટ્રમાં માટે જેટલા બાહ્ય બાંગ્લાદેશી ઘુસણખોરો જોખમી છે, એટલા જ આપણા પોતાના દેશી અપરાધી તત્વો પણ જોખમી છે. સુરક્ષાના નામે માત્ર સરહદ પારના લોકો પર નજર રાખીને સ્થાનિક ગુનાખોરી સામે આંખ આડા કાન કરી શકાય નહીં. ગુજરાતના છેલ્લા ૧૦ વર્ષના ગંભીર ગુન્હાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. આ આંકડાઓ તપાસતા એક સ્પષ્ટ તારણ બહાર આવશે કે રાજ્યમાં પરપ્રાતીઓ અને વિધર્મીઓએ આચરેલા ગુનાઓએ મોટું તાંડવ મચાવ્યું છે.

સ્થાનિક વસ્તીની શાંતિ, અર્થતંત્ર અને સલામતીને આ આંતરિક ગુનેગારો સતત નુકસાન પહોંચાડી રહ્યા છે. ચોરી, લૂંટ, સંગઠિત ગુનાખોરી અને મહિલાઓ વિરુદ્ધની હિંસામાં પરપ્રાતીય મજૂરો કે તત્વોની સંડોવણી સતત વધી રહી છે. રોજગારી મેળવવાના બહાને અહીં આવીને સ્થાનિક કાયદો અને વ્યવસ્થાને પડકારતા આવા દેશી તત્વોનો પણ હવે કાયમી ઈલાજ કરવો એટલો જ અનિવાર્ય બન્યો છે.

બહારથી આવતા પ્રત્યેક વ્યક્તિની કડક પોલીસ ચકાસણી અને નોંધણી થવી જ જોઈએ. સુરક્ષા ક્યારેય એકતરફી ન હોઈ શકે. તેથી, બાહ્ય ઘુસણખોરોને હાંકી કાઢવાની સાથે આ આંતરિક દેશી ખતરાને પણ કમ ન આંકો. તંત્રએ હવે બંને મોરચે સમાન કડકાઈથી નિર્ણાયક કાર્યવાહી કરવી જ પડશે.

# શું અરવલ્લી પર્વતોની વ્યાખ્યા બદલાશે?

## સુપ્રીમ કોર્ટે પાંચ સભ્યોની ઉચ્ચ સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરી છે

નવીદિલ્હી, તા. ૩

સુપ્રીમ કોર્ટે અરવલ્લી પર્વતોને વ્યાખ્યાયિત કરવા માટે પાંચ સભ્યોની ઉચ્ચ સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરી છે. આ સમિતિ નક્કી કરશે કે અરવલ્લી પર્વતોમાં કયા વિસ્તારો આવે છે, એટલે કે તેની વ્યાખ્યા. કોર્ટે જણાવ્યું હતું કે પર્યાવરણને અસર કરતા નિર્ણયો નિષ્ણાતના અભિપ્રાય વિના લેવા જોઈએ નહીં. CJI સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચે આ આદેશ જારી કર્યો. કોર્ટે સમિતિને ૩૧ ઓગસ્ટ સુધીમાં તેનો વિગતવાર અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૭ સપ્ટેમ્બરના રોજ થશે.



સુપ્રીમ કોર્ટે IIHSના પ્રોફેસર જગદીશ કૃષ્ણસ્વામી અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ હરિયાણાના પ્રોફેસર લક્ષ્મીકાંત શર્માને પણ સમયાંતરે સમિતિમાં જોડાવા માટે ખાસ આમંત્રિત તરીકે નિયુક્ત કર્યા છે. MoEFCCના ડિરેક્ટર-રેન્ક અધિકારી સભ્ય સચિવ તરીકે સેવા આપશે. સુપ્રીમ કોર્ટે સમિતિને જાહેર નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે અરવલ્લી ટેકરીઓને બે કે તેથી વધુ અરવલ્લી ટેકરીઓ વચ્ચે ૫૦૦ મીટરની ત્રિજ્યા સુધી મર્યાદિત કરતી વર્તમાન વ્યાખ્યા સંરક્ષિત વિસ્તારને નોંધપાત્ર રીતે સંકુચિત કરી શકે છે અને બિન-અરવલ્લી વિસ્તારોનો વિસ્તાર વધારી શકે છે, જે બેકાબૂ ખાણકામ અને અન્ય વિનાશક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. વર્તમાન નિયમ મુજબ, જો બે અરવલ્લી ટેકરીઓ ૫૦૦ મીટરથી વધુ અલગ થાય છે, તો તે વિસ્તાર અરવલ્લી ગણાતો નથી. સુપ્રીમ કોર્ટે સમિતિને એ પણ તપાસ કરવાનું કામ સોંપ્યું હતું કે શું રાજસ્થાનની ૧૨,૦૮૧ ટેકરીઓમાંથી માત્ર ૧,૦૪૮ ટેકરીઓ નિર્ધારિત ૧૦૦-મીટર ઊંચાઈ મર્યાદાને પૂર્ણ કરે છે અને શું આનાથી હજારો અન્ય ટેકરીઓ પર્યાવરણીય સંરક્ષણથી વંચિત રહી છે.

સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય અરવલ્લી ક્ષેત્રના સંરક્ષણ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. નિષ્ણાતોની આ ટીમ હવે વૈજ્ઞાનિક અને ભૌગોલિક ધોરણે અરવલ્લી ટેકરીઓની સીમાઓ અને વ્યાખ્યાની સમીક્ષા કરશે, જેથી ભવિષ્યમાં આ ઈકોસિસ્ટમને ગેરકાયદેસર ખાણકામ અને બાંધકામથી સુરક્ષિત કરી શકાય. સુપ્રીમ કોર્ટે અરવલ્લી ટેકરીઓની વ્યાખ્યા નક્કી કરવા માટે પાંચ સભ્યોની ઉચ્ચ સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરી છે. તેનો હેતુ અરવલ્લી પર્વતોની સીમાઓ સ્પષ્ટ કરવાનો અને ગેરકાયદેસર ખાણકામ અને પર્યાવરણીય વિનાશ અટકાવવાનો છે.

# સરહદ સુરક્ષા થશે મજબૂત

## રોબોટિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આર્ટિલરી શેલ બનાવવામાં આવશે, બાલુ ફોર્જને મળ્યો ઓર્ડર



નવીદિલ્હી, તા.૩

ભારતીય સેનાના તોપખાનાને વધુ મજબૂત બનાવવા માટે એક મોટી પહેલ ચાલી રહી છે. હવે, ભારતીય સેના માટે શેલ માનવો દ્વારા નહીં, પરંતુ અદ્યતન રોબોટિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવશે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારત (આત્મનિર્ભર ભારત) અભિયાનના ભાગ રૂપે, બાલુ ફોર્જ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડને ૩૦,૦૦૦ સ્વદેશી ૧૫૨ળળ તોપખાનાના શેલ સપ્લાય કરવાનો મોટો કરાર મળ્યો છે. આ ખાસ સોદા હેઠળ, પુરવઠો આ મહિને, જૂન ૨૦૨૬ થી શરૂ થવાનો છે. અહેવાલો અનુસાર, આ શેલ કર્ણાટકના બેલગામમાં બાલુ ફોર્જની નવી ગ્રીનફિલ્ડ ફેક્ટરીમાં બનાવવામાં આવશે. પ્લાન્ટની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા તેની અત્યાધુનિક ટેકનોલોજી છે.

૩૦,૦૦૦ શેલનો આ પ્રારંભિક ઓર્ડર ફક્ત શરૂઆત છે. ભવિષ્યમાં, આ યોજના હેઠળ ૧૦૦,૦૦૦ થી વધુ અદ્યતન શેલ બનાવવા માટેની યોજનાઓ ચાલી રહી છે. આ વ્યૂહરચનાનો પ્રાથમિક ઉદ્દેશ્ય પશ્ચિમ અને ઉત્તરીય સરહદો જેવા તમામ સંવેદનશીલ મોરચે ભારતીય સેનાને ઉચ્ચ-ક્ષમતાવાળા દારૂગોળાનો સતત અને વિશ્વસનીય પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. બાલુ ફોર્જે માત્ર દેશમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે પણ તેની પ્રતિષ્ઠા સ્થાપિત કરી છે. કંપની નાટો પ્રમાણપત્ર ધરાવે છે, જે સાબિત કરે છે કે તેનું કડક ગુણવત્તા નિયંત્રણ અને ધાતુની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય ધોરણોની છે. આ પ્રમાણપત્ર કંપનીને નાટો દેશોને સંરક્ષણ સાધનો પૂરા પાડવા માટે લાયક બનાવે છે. કંપની માને છે કે આ ઓર્ડર ભારતને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાના તેના વિઝનને વધુ મજબૂત બનાવશે. આ સંપૂર્ણ સ્વચાલિત શેલ ઉત્પાદન લાઇન સાથે, કંપની હવે તેની પેટાકંપની, ક્વોન્ટમ એનર્જેટિક્સ દ્વારા અદ્યતન સંરક્ષણ સામગ્રીના ક્ષેત્રમાં વિસ્તરણ કરી રહી છે.

ભારતીય સેના માટે ફાયર શેલ હવે અદ્યતન રોબોટિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવશે. આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ, બાલુ ફોર્જ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડને ૩૦,૦૦૦ શેલ માટે કોન્ટ્રાક્ટ મળ્યો છે. આ શેલ કર્ણાટકના બેલગામમાં બાલુ ફોર્જની નવી નસ્ત્રગ્રીનફિલ્ડસ્ત્રસ્ત્ર ફેક્ટરીમાં બનાવવામાં આવશે. આ સેનાના આર્ટિલરીની ક્ષમતાઓમાં વધારો કરશે.

# મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણી

## મહાયુતિએ ૧૭ ઉમેદવારો ઉભા રાખ્યા, ૧૮ જૂને મતદાન

નવીદિલ્હી, તા. ૩

મહાયુતિ (મહાયુતિ) એ બુધવારે મહારાષ્ટ્ર વિધાન પરિષદની આગામી ચૂંટણી માટે ૧૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા. આ યાદીમાં ભાજપ, શિવસેના અને એનસીપીના ઉમેદવારોનો સમાવેશ થાય છે. મતદાન ૧૮ જૂને થશે. વિધાન પરિષદની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મુંબઈમાં મહાયુતિની એક મહત્વપૂર્ણ સંયુક્ત પત્રકાર પરિષદ યોજાઈ હતી. આ પત્રકાર પરિષદમાં, ભાજપના નેતા અને કેબિનેટ મંત્રી રવિન્દ્ર ચવ્હાણે ૧૭ મહાયુતિ ઉમેદવારોના નામ જાહેર કર્યા. તેમણે જણાવ્યું હતું કે મહાયુતિના તમામ ઘટક પક્ષો વચ્ચે યોગ્ય સંકલન છે અને તેઓ સંપૂર્ણ તાકાતથી ચૂંટણી લડી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ૧૮ જૂનની ચૂંટણીમાં મહાયુતિના ઉમેદવારો રાજ્યની તમામ ૧૭ બેઠકો પર જંગી વિજય સાથે જીત મેળવશે.

૧૮ જૂનની ચૂંટણી પહેલા પક્ષના મત વિભાજીત ન થાય તે માટે, મહાયુતિએ બળવાખોરોને શાંત કરવા માટે જોરદાર પ્રયાસો શરૂ કર્યા છે. રવિન્દ્ર ચવ્હાણે જણાવ્યું હતું કે વરિષ્ઠ નેતાઓની મધ્યસ્થીથી, મહાયુતિ અત્યાર સુધી ત્રણ મુખ્ય મતવિસ્તારોમાં બળવાને સંપૂર્ણપણે દબાવવામાં સફળ રહી છે. ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ ૪ જૂન છે. ભાજપના નેતા રવિન્દ્ર ચવ્હાણે જણાવ્યું હતું કે જે ઉમેદવારો બળવાખોર વલણ અપનાવવા માંગે છે તેમણે સમયસર પોતાની ઉમેદવારીપત્રો પાછી ખેંચી લેવી જોઈએ. જે નેતાઓ પક્ષની સૂચનાઓનું પાલન કરીને પોતાની અરજીઓ પાછી ખેંચી લેશે તેમના રાજકીય પુનર્વસન માટે વિચારણા કરવામાં આવશે. એક પત્રકાર પરિષદ દરમિયાન, મહાયુતિના નેતાઓએ જણાવ્યું હતું કે વિપક્ષ પાસે સંખ્યાબંધ કે યોગ્ય રણનીતિનો અભાવ છે. મહાયુતિ પાસે સ્પષ્ટ બહુમતી છે. મહારાષ્ટ્રમાં આગામી વિધાન પરિષદની ચૂંટણી માટે મહાયુતિએ ૧૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા. મતદાન ૧૮ જૂને થશે. ભાજપના નેતા અને કેબિનેટ મંત્રી રવિન્દ્ર ચવ્હાણે જણાવ્યું હતું કે મહાયુતિના ઉમેદવારો બધી ૧૭ બેઠકો પર જંગી વિજય મેળવશે.




# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### હરિ! હરિ! રટણ કર, કઠણ કળિયુગમાં! એ રચનામાં ઉચરો મુખ! એ શબ્દનો સંદર્ભ શું છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ધર્મ ને લઈને કે પછી આમ કરવું આમ ન કરવું એવાં સોશિયલ મીડિયા પર કેટલાંય મેસેજ જોવા મળે! એમાં હવે સોશિયલ મીડિયા એટલે પત્યું પરાઈનો પહાડથ બને. ઘણીવાર વિચાર આવે કે માનવી આખાં દિવસમાં કેટલું બોલતો હશે! વૈજ્ઞાનિક સંશોધન મુજબ રાત્રીને બાદ કરતાં એક વ્યક્તિ ૧૬૦૦૦ થી ૧૨૦૦૦ શબ્દો બોલે છે! અને હવે સ્ત્રી પુરુષ એવો ભેદ નથી રહ્યો, એક નોર્મલ વ્યક્તિ સરેરાશ લગભગ ૧૫૦૦૦ શબ્દ બોલે છે, અને વાચાળ વ્યક્તિ આનાથી પણ વધુ! ભલે એ તેનાં સ્વભાવ અને વ્યવસાય સાથે સંકળાયેલ હોય ઓછું વધુ થાય ! પણ આ સરેરાશ મુજબ દર મિનિટે એક વ્યક્તિ ૧૫ થી ૧૭ શબ્દ બોલે છે. જોકે સ્માર્ટ ફોન આવતાં ગયાં વર્ષમાં સંબંધોની ટૉકેટીવ એક્ટિવીટી સરેરાશ ઘટી છે. પણ સવાલ અહીં એ નથી, હજી ઝીણું ઝીણું કાંતવામાં આવે તો એક વ્યક્તિ કામનું કેટલું બોલે છે! અને નકામું કેટલું! એ પણ જાણી શકાય! અપ શબ્દો કેટલા બોલે છે! એ પણ જાણી શકાય! અને ગુસ્સામાં કેટલું બોલે છે એ પણ જાણી શકાય! પરંતુ આશ્ચર્યની વાત ત્યાં છે કે, જે એણે બોલવું જોઈએ એ એટલું નથી બોલતા, આ ૧૫૦૦૦ શબ્દોમાંથી પૂજા પાઠ ને બાદ કરતાં વગર કારણે ભગવાન નું નામ માત્ર ૧૧, ૨૧, ૫૪, વખત, અને અતિ વ્યસ્ત લોકો ૧૧, ૨૧ વખત ભગવાનનું નામ લે છે. વિજ્ઞાન કહે છે કે દર વ્યક્તિ ૨૧,૬૦૦ શ્વાસ લે છે, અને હર શ્વાસે એકવાર હરિનામનાં જાપ ને અજપા જપ કહેવાય છે! ક્યાં આ આંકડો અને ક્યાં ૧૧, ૨૧,૫૪, નો અંક. એમાં પણ જ્યારે આપણે જાણતાં હોઈએ કે, કળિયુગમાં તો હરિનામ સ્મરણને જ સાધન ગણવામાં આવ્યું છે. તો આજે ગુરુવારે નરસિંહની આવી જ એક રચના.

** નરસિંહ મહેતા**

**હરિ હરિ રટણ કર કઠણ કળિયુગમાં દામ બેસે નહીં, કામ સરશે,
ભક્ત આધિન છે શ્યામસુંદર સદા તે તારાં કારજ સિદ્ધ કરશે.(૧)

નરસિંહ કહે છે હરિનાં નામનું રટણ કરી લે, એમાં રુપિયા નો પણ ખર્ચ નથી અને પાછું તારું કામ થવાની પૂરી શક્યતા છે. શ્યામસુંદર એનાં ભક્તને આધિન છે, અને એનાં કાર્યને સફળ બનાવવાં તત્પર રહે છે.

**અલ્પ સુખ સારુ શું, મૂઢ ફૂલ્યો ફરે, શીશ પર કાળ રહ્યો દંત કરડે,
પામર! પલકની ખબર તુજને નહીં, મૂઢ શું જોઈને મૂછ મરડે? (૨)

કાળ તારી માથે મંડરાઇ રહ્યો છે, અને ક્યારે દાંત મારી કરડે એ કંઈ નક્કી નથી, ત્યારે હે મૂર્ખ થોડાં સુખ માટે તું નસ્ત્રહું કરુંનસ્ત્ર એમ કરીને ફૂલાઈને ફરે છે. મૂર્ખ પલકવારમાં એટલે કે ક્ષણ પછી શું થવાનું છે, એ તને ખબર નથી, અને હું કહું એમ જ થાય છે, એમ મૂંછ મરડી શું ફરે છે.

**પ્રૌઢ પાપે કરી, બુદ્ધિ પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો?
ઈસ અને ઈરષ્યા છે નહીં જીવ પર, આપણે અવગુણે રહ્યો રે અળગો. (૩)

ઉંમરમાં પ્રૌઢ થયો! અને કામ અને કામના વશ બધી પ્રકારનાં પાપ કરી લીધાં, ત્યારે થોડી સમજ આવી હોય, એમ બુદ્ધિ સમજણને દ્વારે પાછી ફરી, જાણે થડ પર ડાળ વળગે. ઈશ્વરને જીવ પર ઈર્ષા નથી હોતી, પણ આપણે જ આપણાં અવગુણને કારણે એનાથી અળગા રહ્યાં.

**પરપંચ પરહરો સાર રુદીએ ધરો, ઉચરો મુખ હરિ આગળ વાણી,
નરસૈયા હરિતણી ભક્તિ ભૂલીશ નહીં ભક્તિ વિના બીજું ધૂળધાણી. (૪)

નરસિંહ કહે છે કે બધાં પ્રંપચો છોડીને વાણીથી હરિ સંકિર્તન કે સ્મરણ કરો, ભગવાનની ભક્તિને ભૂલીશ નહીં, કારણ કે ભક્તિ વિના બાકી બધું નકામું છે.

અહીં નરસિંહ સીધાસાદા શબ્દોમાં હરિ સ્મરણની મહત્તા બતાવે છે. પણ દરેક પંક્તિમાં એક એક શબ્દનું વરણ કરીને આ રચનાને આધ્યાત્મિક ઉંચાઈ એ લઈ ગયાં.

**કઠણ કળિયુગમાં, કળિયુગને કઠણ કહ્યો છે! કઠણ એટલે સખ્ત. જેમ કે બોર કે બદામનો ઠળિયો કઠણ છે, એને તોડવો હોય તો પરિણામ મળતાં વાર લાગે! એમ કળિયુગમાં પણ અધ્યાત્મના બીજા માર્ગ કઠણ છે, એટલે હરિ હરિ રટણ કરી લે. કઠણ કહેવાનો બીજો સંકેત, એ હશે કે કળિયુગમાં માનવીનાં માનસ પત્થર જેવા કઠણ થઇ ગયા હશે, એમાં તું સંસાર વ્યવહાર માટે ગમે તે કરીશ એ પીગળશે નહીં! તો વ્યવહાર માટે સમય શું કામ વેડફવો!

**અલ્પ સુખ, સિદ્ધિ કે સત્કર્મ કર્યા પછીનાં પદ પ્રતિષ્ઠાનો જે અહંકાર છે, એની વાત કરતાં કહે છે, કે અંતે તો તું નિમિત્ત માત્ર છો! તારો આ અહંકાર જ તારો કાળ બની, તને ઈશ્વરથી દૂર લઈ જાય છે, એની તને ખબર નથી. પાંચ પચાસ વાહ વાહ કરે, સન્માન આપે એ બધું બહુ અલ્પ સુખ છે! કારણકે જે માણસ આજે વખાણ કરે છે, એ જ આવતીકાલે નિંદા પણ કરી શકે! આ પદ પ્રતિષ્ઠાનાં પદ પર તું કાયમ રહીશ નહીં, પલકવાર પછી શું થશે? એની ખબર નથી પડતી માટે અહંકાર છોડીને હરિનું રટણ કરી લે.

**પ્રૌઢ પાપે કરી, ઉંમરનો આ મુકામ આવે ત્યાં સુધી કર્તવ્ય કર્મને નામે સ્વાર્થી થઈ નીતિ, નિષ્ઠા, કે નિયત બધું ગૌણ ગણી જે કાર્ય કર્યા, એ બધાં પાપ છે, એનો ખ્યાલ બચ્ચાઓ જ્યારે માળામાંથી ઉડી જાય છે, ત્યારે આવે છે, એટલે કે જવાબદારીનો એક અધ્યાય સમાપ્ત થાય! ત્યારે ખબર પડે કે આ મેં શું કર્યું! પણ નરસિંહ હરિ સ્મરણ સિવાયના બધાં કર્મ ને પાપ કહે છે, અને જવાબદારીના ચક્રવ્યૂહમાં પ્રૌઢ થઈ ગયો, પણ હરિ સ્મરણ કર્યું નહીં, એવું બુદ્ધિ શાંત થતાં લાગે.

**ઉચરો મુખ, અહીં નરસિંહ સમયસર હરિ આગળ આત્મ નિવેદન કરવાં કહે છે. શ્રીમદ્ ભાગવતમાં આત્મ નિવેદનને નવધા ભક્તિનો નવમો પ્રકાર ગણવામાં આવ્યો છે, અને એનાં દ્વારા એ અનુપાયની ભક્તિ સુધી પહોંચી શકે છે, જેમાં ભક્ત ભગવાનમાં એટલો તલ્લીન થઈ જાય છે કે, એને અલગ કોઈ સાધનની જરૂર પડતી નથી. નરસિંહ તો નસ્ત્રરાધે ક્રિષ્નનસ્ત્ર નસ્ત્રરાધે ક્રિષ્નનસ્ત્ર નું રટણ કરીને અનુપાયની ભક્તિ સુધી પહોંચી ગયાં, અને એટલાં તલ્લીન થઈ ગયાં, કે એનાં સાંસારિક કર્તવ્યની શુધી એને રહી નહીં! અને એ બધાં કર્તવ્ય ભગવાનને જ પૂરાં કરવાં પડ્યાં. તો સફળ થવાનો માર્ગ અને પરિણામ બંને આપણી સામે છે! સમયસર હરિ સ્મરણને જ જીવન બનાવી લઈએ! શરીરથી માંડી સંબંધ સુધીનું બાકી બધું અલ્પ સુખ આપનારું છે! જ્યારે હરિ સ્મરણ તો કળિયુગને પણ નરમ બનાવી શકે તેમ છે, આપણે સૌ સમય રહેતાં હરિ હરિનું રટણ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### જોગાનુજોગ ત્રણ એક સરખી ઘટનાઃ ત્રણેય યુવાનોએ ગળાફાંસો ખાઇ લીધો

# પત્નિ રિસામણે જતાં બે યુવાને જિંદગી ટૂંકાવી

## અન્ય ઘટનામાં પત્નિ ડિલીવરી કરવા ગયા બાદ યુવાને જીવ દીધોઃ રાજકોટમાં શ્રધ્ધા સોસાયટી, હડાળા, વાવડીમાં આત્મહત્યાની ઘટનાઓને પગલે પરિવારોમાં કલ્પાંતઃ ચોથા બનાવમાં અગાસીએથી પટકાતાં આધેડનો જીવ ગયો

રાજકોટઃ તા.૩

અનેક લોકો એવા હોય છે જે અલગ અલગ કારણોસર અને ઘણીવાર કોઇપણ કારણ વગર મહામુલી જિંદગી અકાળે તરછોડી દેતાં હોય છે. ત્રણ આવી ઘટના બની છે જેમાં બે યુવાને પત્નિ રિસામણે જવાને કારણે આપઘાત કરી લીધો હતો અને એક યુવાને પત્નિ વતનમાં ડિલીવરી કરવા ગયા બાદ આત્મહત્યા કરી લીધી હતી. જોગાનુજોગ આ ત્રણ એક સરખી ઘટનામાં ત્રણેય યુવાનોએ ગળાફાંસો ખાઇ મોત વ્હાલુ કર્યુ હતું. ત્રણેય ઘટનાઓ અલગ અલગ વિસ્તારમાં બની હોઇ શહેર પોલીસના અલગ અલગ પોલીસ સ્ટેશન દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.પ્રથમ ઘટના જોઇએ તો કોઠારીયા રોડ પર શ્રધ્ધા સોસાયટીમાં રહેતાં યુવાને છુટાછેડા થઇ ગયા બાદ ચિંતામાં રહેતો હોઇ ગળાફાંસો ખાઇ લીધો હતો. કોઠારીયા રોડ પર શ્રધ્ધા પાર્ક શેરી નં-૫માં રહેતો રાજ શાંતિલાલ કાપડિયા નામના બાવીસ વર્ષના યુવકે રાત્રીના નવેક વાગ્યે પોતાના ઘરે રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. રાજ લાંબો સમય સુધી રૂમમાંથી બહાર ન આવતા તેના નાના જોવા તેને લટકતો જોઇ હતપ્રભ થઇ ગયા હતાં.

દેકારો મચાવતાં આડોશી પાડોશી ભેગા થઇ ગયા હતાં. કોઇએ ૧૦૮ બોલાવી હતી. તેના તબિબે તેને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં ભકિતનગર પોલીસ સ્ટેશનના એએસઆઇ કલ્પેશસિંહ ગોહિલ, તોરલબેન સહિતે પ્રાથમિક કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર રાજ ઇલેક્ટ્રીક કામ કરી ગુજરાન ચલાવતો હતો. તેના ચારેક મહિના પહેલા છૂટાછેડા થઇ જતા તેના નાના સાથે રહેતો હતો.

તેના પિતાને આજીડેમ રોડ પર સહજાનંદ ટાયર નામની દુકાન છે, માતા હયાત નથી. છુટાછેડા પછી તે સતત ગુમસુમ રહેતો હતો અને એકલવાયુ જીવન થઇ ગયું હોઇ આ કારણે પગલુ ભર્યાની શક્યતા છે. એકના એક દિકરાના મોતથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. પરિવારે યુવાન અને એકના એક દિકરાની વસમી વિદાય વખતે પણ મૃતક દિકરાની આંખ અને ચામડીનું દાન કરી સ્તત્ય કાર્ય કર્યુ હતું.



બીજી એક ઘટના જોઇએ તો રાજકોટ-મોરબી હાઈવે પર હડાળા ગામમાં રહેતાં નરેશભાઇ મધુભાઇ રાબડીયા નામના તેત્રીસ વર્ષના યુવાને ઘરે છતના હુકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. નરેશભાઇએ સવારે ગળાફાંસો ખાઇ લેતાં ૧૦૮ બોલાવાઇ હતી. પરંતુ તેમને મૃત જાહેર કરાયા હતાં. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર નરેશભાઇ બે ભાઇમાં નાના હતાં. સંતાનમાં બે દિકરી છે. પોતે પિતા સાથે સુથારી કામ કરતો હતો. પત્નિ પુર્વીશાબેન એકાદ મહિનાથી રિસામણે ગઇ છે. હાલમાં આર્થિક ભીંસ પણ હતી. આ બંને કારણોસર ટેન્શનને કારણે પગલુ ભરી લીધાનું જણાવાયું હતું

આપઘાતની ત્રીજી ઘટના જોઇએ તો ગોંડલ રોડ પર વાવડીમાં આવેલી કંપનીમાં નોકરી કરતાં અને ત્યાંના ક્વાર્ટરમાં રહેતાં મુળ યુપીના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં સાથી મજુરોમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વાવડીમાં આવેલી ડી-ફાઇન કંપની પાસે ક્વાર્ટરમાં રહેતો સોનુકુમાર શ્રીરામબચ્ચન ચૌહાણ નામનો પચ્ચીસ વર્ષનો યુવાન કામેથી વહેલો રૂમ પર આવી ગયો હતો. એ પછી અન્ય એક કર્મચારી પાણી પીવા માટે રૂમ પર આવ્યો ત્યારે સોનુકુમાર લોખંડના એંગલમાં ગમછો બાંધી લટકતી હાલતમાં દેખાતાં તેણે બીજા કર્મચારીઓને જાણ કરી હતી અને ૧૦૮ બોલાવી હતી.

જો કે તેના ઇએમટી ડો. અવિનાશ રાઠોડે સોનુકુમારને મૃત જાહેર કરતાં તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં એએસઆઇ સલિમભાઇ એમ. માડમે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. આપઘાત કરનાર સોનુકુમાર બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તેના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. હાલમાં પત્નિ ડિલીવરી કરવા વતન આસામ ગઇ હોઇ ત્યાં દિકરાનો જન્મ થયો હતો. સોનુકુમારે શા માટે આ પગલુ ભર્યુ? તે અંગે સાથી કર્મચારીઓને જાણ ન હોઇ તેના પરિવારજનોને પોલીસે જાણ કરી હતી.

ચોથી અપમૃત્યુની ઘટનામાં કોટડા સાંગાણીના પડવલા ગામે રહેતાં છેતાલીસ વર્ષના મનોહરભાઇ નામના આધેડ વીસેક ફુટ ઉંચાઇ પરની અગાસીએથી પટકાતાં ગંભીર ઇજા થતાં મોત થયું છે. બનાવની જાણ થતાં કોટડા સાંગાણી પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર મુળ યુપીના વતની હતાં. બુધવારની રજા હોઇ ઘરે હતાં. દારૂના નશામાં પડી ગયાની ચર્ચા હોઇ પોલીસે તપાસ હાથ ધરી હતી. આમ ચાર પરિવારોએ અલગ અલગ રીતે પોતાના સ્વજનોને ગુમાવી દેતાં શોકની કાલીમા છવાઇ હતી.

### જ્યાં જ્યારે તક મળે ત્યારે જેમળે તે ઉસેડી જાય છે ચોરટાઓ

# રતનપરમાં પરિવારને સુતો રહ્યો તસ્કર રોકડ- દાગીના ઉસેડી ગયો

### અવાજ થતાં મહિલા સદસ્ય જાગી જતાં વંડી ઠેંકી ભાગ્યોઃ એક યુવાનને ચોરી કરતાં પહેલા બહારથી દરવાજો બંધ કરી પુરી દીધો હતો

રાજકોટઃ તા.૩

તસ્કરોને જ્યાં જ્યારે તક મળે ત્યારે હાથફેરા કરી લેતાં હોય છે. વધુ એક ચોરીનો બનાવ બન્યો છે. જેમાં રાજકોટ-મોરબી હાઇવે પર આવેલા રતનપર ગામમાં રામ મંદિર પાછળ રહેતાં મુળ રાજકોટના પરિવારના સભ્યો રાતે ઉંઘી રહ્યા હતાં ત્યારે દિવાલ ઠેંકીને આવેલો ચોર એક રૂમમાં સુતેલા યુવાનને બહારથી દરવાજો બંધ કરી પુરી દઇ બાદમાં અન્ય રૂમમાંથી રોકડા ૨ લાખ, સોનાના દાણો, ચુક, મોબાઇલ સહિતની માલમત્તા ચોરી જતાં પોલીસે તપાસ હાથ ધરી છે. અવાજ થતાં ઘરના સદસ્ય જાગી જતાં પડકારો કરતાં આ તસ્કર દિવાલ કુદી ભાગી ગયો હતો. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે મુળ ગોંડલ રોડ પટેલ કન્યા છાત્રાલય પાસે ખોડીયારનગર-૧૨ ચામુંડા ડેરી પાસે રહેતાં અને હાલ મોરબી રોડ રતનપરમાં રામજી મંદિરની સામે ગાયત્રી ગૌ શાળા પાછળ રહેતાં બત્રીસ વર્ષના નાગજીભાઇ નકુભાઇ બાવડાની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. વધુ માહિતી અનુસાર નાગજીભાઇ છેલ્લા છ મહિનાથી તેમના પરિવાર સાથે રતનપરમાં ભાડે મકાન ભાડે રાખીને રહે છ અને માલઢોર રાખીને દૂધનો વ્યવસાય કરે છે. રાત્રે નાગજીભાઈ તેમના મોટા ભાઈ હેમુભાઈના ઘરે રાજકોટ ગયા હતા અને ત્યાં રોકાયા હતા, જ્યારે રતનપર સ્થિત ઘરે તેમના માતા-પિતા અને નાનો ભાઈ હાજર હતા. પહેલી તારીખે રાત્રે પરિવારના તમામ સભ્યો એકાદ વાગ્યાની આસપાસ સુઈ ગયા હતા.

જેમાં પિતા નકુભાઈ ઘરની બહાર ખુલ્લી જગ્યામાં, નાનો ભાઈ કમલેશ અને તેની પત્નિ રૂમમાં તેમજ માતા અમુબેન અને મોરબીથી આવેલા કાકી નાનુબેન ઓસરીમાં સુતા હતા. રાત્રિના આશરે ત્રણેક વાગ્યાની આસપાસ ઘરમાં અવાજ થતાં માતા અમુબેન અચાનક જાગી ગયા હતા. તેમણે જોયું તો એક અજાણ્યો શખ્સ ઘરની બહાર ભાગી રહ્યો હતો. અમુબેને તાત્કાલિક રાડારાડી કરતા જ જાગી ગયેલા પિતા કઈ સમજે તે પહેલાં જ તે ઘરની દીવાલ કૂદીને અંધારામાં ગાયબ થઈ ગયો હતો.ચોર ભાગી ગયા બાદ માતા અમુબેન નાના દિકરા કમલેશને જગાડવા ગયા હતાં. ચોરે ચોરી કરતા પહેલાં કમલેશના રૂમનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. પરિવારે બહારથી દરવાજો ખોલી કમલેશને બહાર કાઢયો હતો. ત્યારબાદ ઘરમાં તપાસ કરતા કબાટ અને તેની અંદરનું ખાનું ખુલ્લું જોવા મળ્યું હતું, જેમાંથી રોકડ અને દાગીના ગાયબ હતા. તસ્કરો રોકડા રૂા. ૨ લાખન, નાકની ચુક-દાણો રૂા. ૧૦૦૦, સોનાનુ ઓમકાર રૂા. ૧૫૦૦નું તથા ૬ હજારનો મોબાઇલ ફોન મળી કુલ રૂા. ૨,૦૮,૫૦૦ની મત્તા ચોરી ગયા હતાં. ઈન્સપેકટર વી. આર. વસાવાના માર્ગદર્શનમાં પીએસઆઇ આર. કે. સામુદ્રેએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# તારો કાયમી હિસાબ કરી નાંખવો છે....યુવાન પર ચાર જણા છરી, પાઇપથી તૂટી પડ્યાઃ ખૂનની ધમકી

### નુરાનીપરાના યુવાને બહેનની છેડતી કરનારા વિરૂધ્ધ ફરિયાદ કરી હોઇ ખાર રાખી ચાર જણાએ કર્યો હીચકારો હુમલોઃ આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટઃ તા.૩

મારામારીની વધુ એક ઘટનામાં ચોરી ઉપર સે સીનાજોરી જેવુ થયું હતું. બહેનની છેડતી કરનારા વિરૂધ્ધ ફરિયાદ કરનારા યુવાન પર ફરીથી હુમલો કરાયો હતો. કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં બહેનની છેડતી અંગે અગાઉ કરેલી પોલીસ અરજીનો ખાર રાખીને ચાર શખ્સોએ એક યુવકને રસ્તામાં આંતરી, લોખંડના પાઇપ અને છરી ઇજાઓ પહોંચાડી ખૂનની ધમકી અપાઇ હતી. આ બનાવમાં આજીડમ પોલીસે કોઠારીયા સોલવન્ટ નજીક નુરાનીપરામાં રહેતા અને મજૂરી કામ કરતા સિરાજ અજીમભાઈ સોરા નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી અલ્લારખા ઉર્ફે ભુરો સીટી, સોહિલ ખેભર ઉર્ફે ભાણો, ઉવેશ અને એક અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધ્યો



હતો.પોલીસના કહેવા મુજબ સિરાજ ઓગણત્રીસમીના રોજ રાત્રે સાડા નવ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી નીકળી ગોંડલ રોડ પર આવેલ શિવ શક્તિ હોટલ પાસે ગયો હતો. તે વખતે આ વિસ્તારમાં જ રહેતા અલ્લારખા ઉર્ફે ભુરો અને સોહીલ ઉર્ફે ભાણો ત્યાં ધસી આવ્યા હતા અને સિરાજને તને અમારી સામે ફરિયાદ કરવાનો બહુ શોખ છે ને, આજે તારો કાયમી હિસાબ કરી નાખવો છે.તેમ કહી ઝપાઝપી કરી હતી. સિરાજે શાંતીથી વાત કરવાનું કહેતાં ભુરાએ નેફામાંથી છરી કાઢી હતી અને સાહિલે પાઇપથી હુમલો કર્યો હતો. હોબાળો થતાં સોહીલે નજીકમાંથી અન્ય બે શખ્સો ઉવેશ અને એક અજાણ્યા શખ્સને બોલાવી લીધા હતા. આ પછી ચારેયએ મળીને બેફામ માર માર્યો હતો અને સિરાજના કપડા પણ ફાડી નાંખી ઢીકાપાટુ માર્યા હતાં. લોકો ભેગા થઇ જતાં તેને બચાવ્યો હતો. આ વખતે ચારેયએ આજે તને જીવતો છોડવો નથી, બહાર નીકળીશ એટલે વાડીએ લઇ જઇ મારી નાંખવો છે તેવી ધમકી આપી હતી. હુમલાનું કારણ એ સામે આવ્યું છે કે, આરોપી ભુરો સીટી અને સોહીલે અગાઉ સિરાજની બહેનની વારંવાર છેડતી કરી હોઇ આ અંગે બે વર્ષ પહેલા પણ સિરાજે ફરિયાદ કરી હતી. આ પછી આજથી એક મહિના પહેલા વધુ એક ફરિયાદ કરી હતી. તેનો ખાર રાખી હુમલો કરી ધમકી અપાઇ હતી. પીઆઇ એચ. એન. પટેલનના માર્ગદર્શનમાં પીએસઆઇ આર. એમ. સાખરાએ એફઆઇઆર દાખલ કરી હતી.

### સ્પા સંચાલક યુવતિના ઘરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાઇ ગયો

# ભીંસથી કંટાળેલા નોકરીયાતે રેઢા ઘરમાંથી રોકડ ચોરી લીધી'તી

### ગાંધીગ્રામ પોલીસે શીતલ પાર્ક પાસે રહેતાં શખ્સને દબોચી તમામ રોકડ, વાહન કબ્જે કર્યા

રાજકોટઃ તા.૩

શહેરના રૈયા રોડ પર આવેલા તિરૂપતીનગર વિસ્તારમાં ૩૧મીની સાંજના સમયે એક બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરે ઘરની ખીંટીએ ટીંગાડેલા પર્સમાંથી ૧,૨૦,૦૦૦ની રોકડ રકમની ચોરી કરી હોવાની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ ગુનાનો ભેદ ગણતરીના સમયમાં ઉકેલી શીતલ પાર્ક પાસે રહેતાં અને ખાનગી નોકરી કરતાં શખ્સને પકડી લઇ તમામ રોકડ, બાઇક મળી કુલ ૧,૪૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલમાં આર્થિક રીતે તકલીફ હોઇ તે કારણે ચોરી કરી હોવાનું તેણે રટણ કર્યુ હતું.હનુમાન મઢી પાસે તિરૂપતીનગરમાં રહેતાં અને સ્પાનું સંચાલન કરતાં મેલીબેન એક્ચુંગ બેગેંગ નામના બાવીસ વર્ષના યુવતિના ઘરમાંથી ચોરી થઇ હતી. તેણી અહિ ભાડેથી રહે છે. તેણે ઘરમાં ખીંટી પર ટીંગાડેલા પર્સમાંથી ૧.૨૦ લાખની રોકડ ચોરાઇ ગઇ હતી. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. ભવદીપીસંહ ગોહિલ, રોહીતદાન ગઢવી, કોન્સ. જયદેવસિંહ પરમાર, ચંદ્રદિપસિંહ જાડેજાની બાતમી પરથી માધાપર ચોકડીએથી એક શખ્સને પકડી લેવાયો હતો. તેની પુછતાછ થતાં પોતાનું નામ વિદીત રાજેશભાઇ સાચેલા ( શીતલ પાર્ક ચોક, ગોલ્ડન હાઇટ્સ એપાર્ટમેન્ટ બ્લોક નં. ૫૦૩) જણાવ્યું હતું. વિશેષ પુછતાછ થતાં તેણે આ ચોરી કબુલી હતી અને ચોરેલી રકમ ૧.૨૦ લાખ કાઢી આપી હતી.

બત્રીસ વર્ષના આ શખ્સ પાસેથી તમામ રોકડ અને જીજે૦૩એચએસ-૪૩૦૨ નંબરનું બાઇક કબ્જે કરાયું હતું. પ્રાથમિક પુછતાછમાં વિદીતે કબુલ્યું હતું કે પોતે પ્રાઇવેટ નોકરી કરે છે. હાલમાં આર્થિક ભીંસ હોઇ તિરૂપતીનગરમાંથી નીકળ્યો ત્યારે ઘરમાં કોઇ ન હોઇ ચોરી કરી લીધી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી આર. એસ. બારીયાની સુચના અંતર્ગત પીઆઇ એચ. પી. ગઢવી, પીએસઆઇ વી. ડી. રાવલીયા, એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, હેડકોન્સ. રવીભાઇ ગઢવી, ભવદીપસિંહ ગોહિલ, રોહિતદાન ગઢવી, શબ્બીરખાન મલેક, કોન્સ. રઘુવીરસિંહ જાડેજા, વિપુલભાઇ ગઢવી, જયદેવસિંહ પરમાર, પ્રશાંતભાઇ ગજેરા, ચંદ્રદિપસિંહ જાડેજા, કૌશિકભાઇ ડાંગર, હોમગાર્ડ હરદીપસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી. આ શખ્સે અન્ય કોઇ ચોરી કરી છે કે કેમ તેની તપાસ થઇ રહી છે.



# વેપારીની હત્યાની કોશીશના ગુનાના આરોપીઓનો નિર્દોષ છુટકારો

### આરોપીઓ સામેની આક્ષેપીત હકીકત પુરવાર થતી ન હોવાથી કોર્ટનો ચૂકાદો

રાજકોટ, તા.૩

હત્યાની કોશીશ કરવાના ગુના સબબ ભક્તિનગર પો.સ્ટેમા તા.૧૨/૧૦/૨૦૧૯ ના રોજ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭,૩૨૬ વિગેરે તેમજ જી.પી એક્ટની કલમ ૧૩૫(૧) વિગેરે મુજબની ફરીયાદ નોંધવામા આવેલ હતી અને જે સબબ પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામા આવી હતી અને ચાર્જશીટ કરાયું હતુ. અને આ કામની ટ્રાયલ ચાલી જતા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ રાજકોટની સેસન્સ કોર્ટ દ્વારા કરાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ હાર્ડવેરના જોબવર્કનું કારખાનું ધરાવતા અને જંગલેશ્વરમાં રહેતા ફરિયાદી જેસિંગભાઈ રઘુભાઈ સેટાણીયા બનાવના દિવસે સાંજે ૬ વાગ્યાના અરસામાં તેમનો દીકરો દૂધની કોથળી લેવા નીકળ્યો હતો ત્યારે તેમના પાડોશમાં રહેતા ઝરીનાબેનના ઘરે રહેતો મોઈન નામનો શખ્સ ફરીયાદીના દીકરા સાથે બાઈક સાથે ભટકાયા હતા અને જેમફાવે તેમ ગાળો આપી ઝગડો કર્યો હતો. ત્યારબાદ થોડી વાર પછી ફરીયાદીના માલસામાનના રીક્ષાના ફેરા કરતાં અફઝલ બેલીમ ભાડું લેવા આવેલા તેમજ ફરીયાદીનું જોબ વર્કનું કામ કરો સતેન્દ્રબાબુ રામચંદ્ર ભૈયા માલ લેવા આવ્યો હતો અને બધા ઊભા હતા. તે દરમીયાન ફરીયાદીની શેરીમાં રહેતા



ઝરીનાબેન તેમજ તેમના બંને દીકરા નાનો સોહિલો અને મોટો સોહિલો અને આસીફ ગંધારો, મોઈન એજાજ, અજય જાડેજા એમ બધા હાથમાં કુહાડી, તલવાર, છરી, કુહાડી, લાકડાના ધોકા, લોખંડના પાઈપ, જેવા હથીયારો લઈને આવ્યા હતા અને હુમલો કર્યો હતો.

ફરીયાદી તેમજ તેના દીકરા લાલજી, રીક્ષાવાળા અફઝલ બેલીમ, સતેન્દ્રબાબુ ભૈયા પર હુમલો કરી જેમ ફાવે તેમ માર માર્યો હતો અને વાહનોમાં તોડફોડ કરી હતી અને રૂ.૫૦,૦૦૦/- જેટલું નુકસાન કર્યું હતું. અને સતેન્દ્રબાબુ ભૈયાને તલવાર જેવા હથીયારથી ખુબજ ગંભીર ઈજાઓ થતાં તે પડી ગયા હતા અને તેના આખા શરીરમાંથી લોહી નીકળતું હોય અને બેભાન જેવી હાલતમાં હોય તેમજ અન્ય લોકોને પણ ખુબજ ઈજાઓ થઇ હોય અને એમ્બ્યુલન્સ સમયસર ના આવતા તમામ લોકો રીક્ષામાં સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ થયા હતા. તેમજ સતેન્દ્ર બાબુને ખુબજ ઈજાઓ હોય ડોક્ટર દ્વારા તેમની હાલત ખુબજ સીરીયસ હોય તેવું જણાવ્યું હતું અને અન્ય તમામ લોકો દ્વારા સારવાર અપાઈ હતી.આ અંગેની વિગતવાર ફરિયાદ ફરિયાદી દ્વારા આપવામાં આવી હતી. જેથી આ કામના આરોપીઓ મોઈન મહેબૂબ અજમેરી, એઝાજ અનવર અજમેરી, અજસીનહ જાડેજા, સાહિલ અજીતભાઈ હિંગોરા સોહિલ અજીત હિંગોરા, ઝારીનાબેન અજીત હિંગોરા, અનવર હબીબ અજમેરી, અજીત અબ્દુલ હિંગોરા, ઈલીયાસ હારૂન ડાકોરા, મનસુખ રણછોડ કુકડીયા, આસીફ હારૂન કુરેશી, વિપુલ નારશી વાડોદરીયા, નીલોફર અજીત હિંગોરા, રોશનબેન આસીફભાઈ સમય, જુનેદ અલીમહમદ દોઢીયા, આસીફ સુલેમાંભાઈ સમયની અટક કરી રાજકોટના જ્યુ.મેજી ફ.ક સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપીને જ્યુડીસ્યલ કસ્ટડીમા મોકલવાનો હુકમ કર્યો હતો. ઉપરોક્ત્ત કામમા પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામા આવી હતી. અને તેઓ વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ કરાયું હતુ. જે પૈકી ચાલુ કામે આરોપી જુનેદ અલીમહમદ દોઢીયા તેમજ મનસુખ રણછોડ કુકડીયા અવસાન પામ્યા હતા.જરૂરી કાયદાકીય પ્રકિયાના ભાગ રૂપે હાલના કામે જરૂરી મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામા આવ્યા હતા અને આ કામે બચાવ પક્ષે આરોપી તરફેની જરૂરી રજુઆતો કરવામા આવી હતી. જે તેમજ ફરીયાદ પક્ષનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા ફરીયાદી અને સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેમજ એવી કોઈ ચોક્કસ હકીકત આવી ન હોય અને આરોપીઓ સામેની આક્ષેપીત હકીકત પુરવાર થતી ન હોય જેથી આરોપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરાઈ હતી. ઉપરોક્ત્ત તમામ હકીકતો તેમજ દલીલો ધ્યાને લઈ રાજકોટના એડીશનલ સેસન્સ જજ દ્વારા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.આરોપી વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ.પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, દયા કે. છાયાણી, નિમેશ વિ. જાદવ, પ્રહલાદસિંહ બી. ઝાલા તેમજ આસીસ્ટનટ તરીકે શ્રધ્ધા આર. ખખ્ખર રોકાયા હતા.

સોશિયલ મિડીયા મારફત ફ્રેન્ડશીપની જાળમાં ફસાવી આબાદ છેતર્યા

# ખેડૂતને લોનના નામે સવાચાર લાખનો ચૂનો

## ગઠીયાએ લોન પ્રોસેસના નામે રકમ પડાવી લઇ પછી ફોન બંધ કરી દીધોઃ બીજી તરફ મની સોલ્યુસનના નો ચોર્યાસી લાખની ઠગાઇમાં ઝડપાઇ ગયો ગઠીયો

રાજકોટઃ તા.૩

સોશિયલ મિડીયાના માધ્યમથી ગઠીયાઓ લોકોને છેતરી લેવામાં કોઇ કમી રાખતા નથી. લોકો પણ સતત આવી ઘટનાઓ બની રહી હોવા છતાં આડેધડ આંધળુકીયા કરીને લાલચમાં આવીને કે બીજા લાભ લેવાની લ્હાયમાં ફ્રોડનો ભોગ બની જાય છે. ઘણીવાર સસ્તામાં ટૂર પેકેજના નામે કે પછી ક્યારેક લોન લેવાના નામે પણ સોશિયલ મિડીયા મારફત ગઠીયાગીરી થઇ જાય છે. આવો જ એક બનાવ સામે આવ્યો છે જેમાં એક ખેડુતને ઓનલાઇન લોન અપાવી દેવાના નામે સવા ચાર લાખનો ચુનો લગાવી દેવાયો છે. ફેસબૂક પર એક વ્યક્તિએ તેને ફ્રેન્ડ રીક્વેસ્ટ મોકલ્યા બાદ જાળમાં ફસાવી આ ઠગાઇ કરી હતી.



વિગતો પર નજર કરીએ તો પાદરાનો આ કિસ્સો છે. સોશિયલ મીડિયા અને સાયબર ફ્રોડ દ્વારા અનેક લોકો છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે.ત્યારે ફેસબુક એપ્લિકેશન પર લોન આપવાના લાલચે વિશ્વાસમાં લઈને વડોદરાના પાદરાના બાંસઠ વર્ષીય ખેડૂત સાથે રૂ. ૪,૨૦,૦૦૦ની ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી છે.આ અંગે પાદરા પોલીસ મથકમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ દાખલ થતાં તપાસ હાથ ધરવામાં આવી હતી. પાદરા ગામના પધારાઈ ચોકમાં રણવાળા ફળિયામાં રહેતા દિનેશ પટેલ ફેસબુકનો ઉપયોગ કરે છે. તેમને અજાણ્યા વ્યક્તિએ તેમના ફેસબુક એકાઉન્ટમાં ફ્રેન્ડશીપ રિક્વેસ્ટ મોકલી હતી, જે દિનેશભાઈએ સ્વીકારી લીધી હતી.

આ પછી મિત્ર બનનારે ફેસબુક મારફતે લોન આપવાની લાલચ આપીને દિનેશભાઈને વિશ્વાસમાં લીધા હતા.દિનેશભાઈએ પોતાના તથા પત્નિ સુસ્મિતાબેનના બેંક એકાઉન્ટમાંથી ગઠિયા દ્વારા મોકલેલા વિવિધ એકાઉન્ટ નંબરમાં કુલ રૂ.૪,૨૦,૦૦૦ની રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. આ રકમ લોન માટેની પ્રોસેસ ફી સહિતના બહાના બતાવીને મેળવવામાં આવી હતી.

પરંતુ રકમ ખેડુતે ટ્રાન્સફર કરી દીધા બાદ સામેની વ્યક્તિએ લોનની કોઇ પ્રોસેસ કરી નહોતી. ખેડુતના એકાઉન્ટમાં લોનની કોઇ રકમ ક્યારેય જમા થઈ ન હતી. આ બાબતે દિનેશભાઈએ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી, જેના પરિણામે રૂ. ૧૦,૫૦૦ પરત મળી ગયા હતા. તેમ છતાં બાકીની મોટી રકમ હજુ સુધી મળી ન હોવાથી દિનેશભાઈએ પાદરા પોલીસમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.પોલીસે આ મામલે વધુ તપાસ યથાવત રાખી હતી.

બીજી તરફ વડોદરા અને આસપાસના વિસ્તારોમાં મની સોલ્યુશનના નામે ઓફિસ શરૃ કરી લોન અપાવવાના નામે સોથી વધુ લોકો સાથે ઠગાઇ કરવાના બનાવમાં બે વર્ષથી ફરાર પાર્ટનરને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડયો હતો. મુજમહુડાની સિગ્નેટ હબ મની સોલ્યુશન નામની ઓફિસ શરૃ કરનાર સંચાલક રાજીવ ચોબે અને અંશુ શર્માએ જેટલી જોઇએ તેટલી લોન અપાવવાની જાહેરાતો કરી હતી.બંને ભેજાબાજ લોન ધારક પાસે ડોક્યુમેન્ટ્સ મેળવીને તેમને મોબાઇલ શોપ કે ઇલેકટ્રોનિક્સની દુકાને લઇ જતા હતા.જ્યાં લોનનીપ્રક્રિયા કરી તેમના નામે લોન પર સાધનોની ખરીદી કરતા હતા અને આ સાધનો વેચી દઇ રોકડી કરી લેતા હતા.

વધુ માહિતી મુજબ બંને સંચાલકો લોન ધારક ઇચ્છે તેના કરતાં વધુ લોન પણ લેતા હતા અને બાકીના હપ્તા તેઓ ભરશે તેવી ખાતરી આપતા હતા. પરંતુ ત્યારબાદ બે-ત્રણ મહિનામાં જ તેઓ ઓફિસને તાળાં મારીને ફરાર થઇ જતા હતા.બંને સંચાલકોએ સોથી વધુ લોકોને ફસાવી રૂપિયા ૮૬ લાખની રકમ પડાવી લીધી હોવાની વિગતો બહાર આવી હતી. આ બનાવમાં બે વર્ષ પહેલાં જે પી રોડ પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ બંને ગઠિયા ફરાર થઇ ગયા હતા.જે પૈકી દિલ્હી ગયેલો અંશુ વિનોદભાઇ શર્મા કેટલાક સમયથી પરત આવ્યો હોવાની માહિતી મળતાં ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ આરએન બારૈયા અને ટીમે તેને આજવારોડ પરથી ઝડપી પાડી જેપી રોડ પોલીસને સોંપ્યો છે.જ્યારે બીજા પાર્ટનર રાજીવ ચોબેની શોધખોળ ચાલુ રાખવામાં આવી હતી.

---

સોશિયલ મિડીયા પર લાલચની જાળમાં લપેટી નાણા ઉસેડવાની વધુ નવી ઘટના

# સસ્તામાં ઘી લેવા જતાં યુવાનને અઢી લાખનો ધૂંબો

રાજકોટઃ તા.૩

લાલચ બુરી બલા છે આ કહેવત ભુલી જનારા લોકો સોશિયલ મિડીયામાં સસ્તામાં મફતના ભાવમાં ચીજવસ્તુ ખરીદવા જતાં ફ્રોડનો શિકાર બની જતાં હોય છે. આવી જ એક નવતર ઠગાઇ સામે આવી છે જેમાં એક યુવાને સોશિયલ મિડીયામાં રૂપિયા દસમાં પાંચસો ગ્રામ ચોખ્ખુ ઘી મળશે એવી જાહેરાત વાતી ઘી ખરીદવા લિંક પર ક્લીક કરી પ્રોસેસ કરતાં જ તેના રૂપિયા ઉપડી ગયા હતાં. અહિ ગઠીયાઓ રકમ એકાદ લાખ જેવી ઉપાડી ગયા હતાં. રકમ નાની છે પણ લાલચમાં લપેટાતો માણસ કઇ રીતે નાણા ગુમાવે છે તેના પર આ ઘટના પ્રકાશ પાડે છે. બીજી ઘટનામાં બેંક ટેકનીશીયન બનીને નિવૃત વૃધ્ધના અઢી લાખ ગઠીયાઓ ઉસેડી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના ખોખરામાં રહેતા એક યુવકે સોશીયલ મીડીયા પર રૂપિયા દસમાં પાંચસો ગ્રામ ઘી ની જાહેરાત જોઈને ઘી ખરીદવા માટે આપેલી લીંક પર પ્રોસેસ કરતા તેના બેંકખાતામાંથી રૂ.એક લાખ સાયબર ગઠીયાએ ઉપાડી લીધા હતા. આ મામલે યુવકે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ખોખરામાં રહેતા ધવલભાઈ કાયસ્થ વટવામાં ખાનગી કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. બન્યુ એવુ ક તેઓ ફેસબુક જોતા હતા. તે સમયે ફેસબુક રિલ્સ જોતા જોતા એક અજાણ્યા ફેસબુક આઈડીના જાહેરાત પેજ પરથી દેશી ઘી બાબતની જાહેરાત જોઈ હતી.જેમાં રૂ. દસનું પાંચસો ગ્રામ ઘી હોઈ આ સ્કીમથી આકર્ષાઈને તેમણે ઘી ખરીદવા માટે બાય નાઉનુ ઓપ્શન કલીક કરતા એક વેજપેજ ખુલ્યુ હતુ.

જેમાં માંગેલ પરમીશન આપતા તેમના સરનામાંની વિગત ભરી હતી તેમજ પેમેન્ટ માટે ક્રેડીટ કાર્ડ ઓપ્શન સિલેકટ કરતા તેમના ક્રેડિટકાર્ડની વિગતો આપમેળે ઓટોફીલ થવા લાગી હતી. થોડી જ મિનિટોમાં તેમના ફોન પર એક ઓટીપી આવ્યો હતો જે વેજપેજમાં ઓટોફિલ થઈ ગયો હતો. ત્યારબાદ તેમના ફોન પર એક મેસેજ આવ્યો હતો જેમાં તેમના ક્રેડીટકાર્ડમાંથી રૂ. ૯૯,૯૯૯ની ખરીદી થયાનુ જણાવાયુ હતુ. આ જાણીને તેમણે ક્રેડીટકાર્ડ બ્લોક કરવાની કાર્યવાહી કરી હતી. આ મામલે ખોખરા પોલીસ સ્ટેશનમાં સાયબર ગઠીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઘટના જોઇએ તો અમરેલી શહેરના ચિત્તલ રોડ સ્થિત શિવપાર્ક સોસાયટીમાં રહેતા એક નિવૃત્ત વૃદ્ધ સાથે સાયબર ઠગાઈનો ગંભીર બનાવ સામે આવ્યો છે. જેમાં અજાણ્યા શખ્સે બેંક ઓફ બરોડાના ટેકનીશિયન તરીકે ખોટી ઓળખ આપી મોબાઇલ ફોન હેક કરીને લખો રૂપિયાની છેતરપીંડી આચરી હોવાનું જણાવ્યું હતું. અમરેલીના ચિત્તલ રોડ પર રહેતા છાંસઠ વર્ષના મહેશકુમાર ચંદુલાલ અઢીયાના મોબાઇલ નંબર પરે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે બેંક ઓફ બરોડાનો ટેકનીશિયન હોવાનું જણાવી બીઓબી વર્લ્ડ એપ ચાલુ કરાવવા માટે જરૂરી પ્રક્રિયા કરાવવાના બહાને વૃધ્ધ પાસેથી બેંક ખાતા સાથે લિંક થયેલો મોબાઇલ નંબર મેળવી લીધો હતો. અજાણ્યા શખ્સે ત્યારબાદ તેઓના મોબાઇલમાં લેશ મેસેજ મોકલી ફોન હેક કરી લીધો હતો.

તેમજ ઓનલાઇન ટ્રાન્ઝેક્શનનો પીન મેળવી તેઓના વિવિધ બેંક ખાતાઓમાંથી ઓટીપી મારફતે નાણાં ટ્રાન્સફર કરી લીધા હતા. સાયબર ઠગે મહેશભાઈને બેંક ઓફ બરોડાના ખાતા માંથી યુપીઆઇ આઇડી મારફતે રૂપિયા ૭૩ હજાર ઉપાડી લીધા હતા. ઉપરાંત એની બે અલગ અલગ ખાતા માંથી પણ એ જ યુપીઆઇ આઇડી મારફતે રૂપિયા ૯૫ અને ૧૦ હજાર તેમજ ૮૦ અને ૧૦ હજાર આમ કુલ ચાર ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂપિયા ૨.૫૮ લાખની રકમ ઠગાઈથી ઉપાડી લેવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું. આ બનાવ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે અજાણ્યા શખ્સ સામે સાયબર છેતરપિંડી અને વિશ્વાસઘાત સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આમ વધુ નવા જુના નુસ્ખાઓ સાથે સાયબર ગઠીયાઓ પડકાર ફેંકી ગયા હતાં.

## લિંક પર ક્લીક કરતાં જ ફ્રોડનો શિકાર થયોઃ બીજી ઘટનામાં નિવૃત વૃધ્ધને બેંક કર્મીના નામે ફોન કરી એપ ડાઉનલોડ કરાવી નાણા ઉસેડી લેવાયા

---

પેન્શનનું એકાઉન્ટ અપડેટ કરી આપવાના નામે ફોન કરી વૃધ્ધાને ફસાવ્યા

# DRMના નામે રેલ્વેના નિવૃત મહિલા કર્મચારી સાથે ફ્રોડ

## એપીકે ફાઇલ મોકલી ફોન હેક કરી ખાતામાંથી ગઠીયાએ નાણા ઉપાડી લીધાઃ ઇ-ચલાણ, આમંત્રણના નામે એપીકે ફાઇલના ઉપયોગ પછી હવે પેન્શનના નામે ઠગાઇ

રાજકોટઃ તા.૩

ગઠીયાઓ કેવા કેવા ગતકડાઓનો ઉપયોગ કરીને ગરીયા ફેરવી જતાં હોય છે તેના રોજબરોજ નવા નવા કિસ્સા સામે આવતા જ રહે છે. એક દિવસ પણ એવો જતો નથી કે જેમાં છેતરપીંડીનો ગુનો કોઇ પોલીસ સ્ટેશનમાં નોંધાયો ન હોય. હવે રેલ્વેના ડીઆરએમના નામે એક મહિલા સાથે ઠગાઇ ગઇ છે. પેન્શન અપડેટ કરાવી આપવાના નામે રેલ્વેના નિવૃત મહિલા કર્મચારીને ફ્રોડનો શિકાર બનાવી લેવાયા હતાં.




વિગતો પર નજર કરીએ તો વલસાડમાં રેલવેના ઉચ્ચ અધિકારી ડીઆરએમ હોવાનો ઢોંગ કરીને એક નિવૃત્ત મહિલા કર્મચારી સાથે રૂ. પચાસ હજારની સાયબર છેતરપિંડી થઈ છે. પેન્શન અપડેટ કરવાના બહાને ઠગોએ મહિલાના મોબાઈલમાં એપીકે ફાઈલ ડાઉનલોડ કરાવી તેમના બેંક ખાતામાંથી પૈસા ઉપાડી લીધા હતા. આ મામલે વલસાડ રૂરલ પોલીસ મથકે અજાણ્યા ઠગ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, વલસાડના પારનેરા પારડી સ્થિત ઓમ રેસિડેન્સીમાં રહેતા એકસઠ વર્ષીય માલતીબેન જયપાલસિંહ સિંહ ગયા વર્ષે રેલવેમાંથી નિવૃત્ત થયા હતા.

તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે હિન્દીમાં પોતાની ઓળખ રેલ્વેના ડીઆરએમ તરીકે આપીને પેન્શન અપડેટ કરવા માટે એટીએમ કાર્ડ નંબર માંગ્યો હતો. જો કે માલતીબેને નંબર આપવાનો ઇનકાર કરીને ફોન કાપી નાખ્યો હતો. થોડી જ વારમાં તે ઠગે ફરીથી ફોન કરીને વોટ્સએપ પર એક એપીકે ફાઈલ મોકલી હોવાનું જણાવ્યું. તેણે ફાઈલ ઓપન કરવા દબાણ કર્યું અને ધમકી આપી કે જો ફાઈલ ઓપન નહીં થાય તો પેન્શન જમા નહીં થાય.

આ ભયથી માલતીબેને તે ફાઈલ ડાઉનલોડ કરીને પોતાની વિગતો ભરી દીધી હતી. આ ખ્ભ્ધ ફાઈલ દ્વારા ઠગે તેમનો ફોન હેક કરી લીધો હતો.

ગત ૪ મેના રોજ માલતીબેન તેમના દીકરા સાથે એસબીઆઈ બેંકમાં પાસબુકમાં એન્ટ્રી કરાવવા ગયા ત્યારે તેમને છેતરપિંડીનો ખ્યાલ આવ્યો. તેમના બે અલગ-અલગ ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂ. પચાસ ઉપડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. માલતીબેને તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આ નાણાં આઈડીએફસી બેંકના એક ખાતામાં ટ્રાન્સફર થયા છે. વલસાડ રૂરલ પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા અને આઈટી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. સાયબર ક્રાઇમ પોલીસ પણ આ નવા નુસ્ખાથી ચકરાવે પડી હતી. એક તરકીબથી માંડ પોલીસ વાકેફ થાય ત્યાં ગઠીયાઓ નવી તરકીબ લઇને શિકાર કરી જાય છે. તેનો આ ઘટના વધુ એક પુરાવો છે.

---

યુ-ટ્યુબ પર કરિયાણાના વેપારીએ જાહેરાત જોઇ લિંક ઓપન કરી અને ગાળીયામાં ફસાયા

# સસ્તામાં પાંચ વસ્તુ લેવા જતાં વેપારીને ઠેંગો

## બીજી ઘટનામાં શો રૂમ કર્મચારીની નજર ચુકવી ગઠીયો થેલામાંથી બઠ્ઠાવી ગયો સાડા પાંચ લાખ

રાજકોટઃ તા.૩

ઓનલાઇન સોશિયલ મિડીયા સાઇટ પર ગઠીયાઓ સસ્તામાં ચીજવસ્તુ આપવના નામે સતત લોકોને છેતરી રહ્યા છે. મફતમાં ફિલ્મ જોવા માટે એપ ડાઉનલોડ કરાવવાના નામે પણ ઠગાઇ વધી ગઇ છે. તાજેતરમાં સસ્તામાં ચોખ્ખુ ઘી લેવા જતાં યુવાન છેતરાયો હતો. ત્યાં હવે માત્ર રૂપિયા બસ્સો અઠસઠમાં પાંચ વસ્તુ ખરીદવાની લાલચમાં આવી ગયેલા યુવાને એક લિંક પર ક્લીક કરતાં જ હજારો રૂપિયા ગુમાવી દીધા હતાં. બીજી તરફ એક જ્વેલર્સ શોપનો કર્મચારી સોનાના બીસ્કીટની ડિલીવરી લેવા ગયો ત્યારે ગઠીયો તેની નજર ચુકવી બેગની ચેઇન ખોલી સાડા પાંચ લાખ રૂપિયા સેરવી ગયો હતો.




પ્રથમ ઘટના જોઇએ તો વધુ એક વેપારી ઓનલાઇન ફ્રોડનો ભોગ બન્યા છે. યુટ્યુબ ઉપર બિગ બાસ્કેટની લોભામણી જાહેરાત જોઈને તેલનો ધંધો કરતા વેપારીને આડત્રીસ હજાર આઠસો નવ્વાણુ ગુમાવવાનો વારો આવ્યો હતો. માત્ર રૂપિયા બસ્સો અડસઠમાં પાંચ વસ્તુ ખરીદવા માટે વેપારીએ જાહેરાતમાં આપેલી લીંક ઓપન કરીને ઓર્ડર આપ્યો હતો. જ્યારે ઓર્ડર રિલિઝ કરવા માટે વેપારી પાસેથી ઓટીપી માંગીને ક્રેડિટ કાર્ડમાંથી પૈસા પડાવ્યા હતા. વિક્ટોરિયા ગાર્ડન નજીક દીવાનજીના વાડામાં રહેતા પાંસઠ વર્ષના સુનીલભાઈ રાજપુત ઘરની આગળ જ ગાયત્રી પ્રોવિઝન સ્ટોર નામથી દુકાન ધરાવીને ખાવાના તેલનો ધંધો કરે છે.

તેઓ દુકાનમાં યુ ટ્યુબ જોતા હતા. તેમાં તેમણે બિગ બાસ્કેટની એક જાહેરાત જોઈ હતી, જેમાં રૂ.૨૬૮માં જુદી જુદી પાંચ વસ્તુઓ ખરીદવાની સ્કીમ હતી. સુનીલભાઈએ જાહેરાતમાં આપેલી લીંક ઓપન કરી હતી. લીંક ઓપન કરતાની સાથે જ તેમણે ૫ ઘઉંનો લોટ, ૫ કિલો ખાંડ, ૫ કિલો ચોખા, ૧ કિલો ગોળ ખરીદવા માટે ફોનમાંથી ઓર્ડર બુક કરાવ્યો હતો. ઓર્ડર કન્ફોર્મ થતા જ તેમના પત્નિ નિર્મલાબહેનના ક્રેડિટ કાર્ડમાંથી પેમેન્ટ માટે પ્રોસેસ કરી હતી. ત્યારબાદ બિગ બાસ્કેટમાંથી તેમના ઉપર ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારો ઓર્ડર રિલીઝ કરવાનો હોય તો મને ઓટીપી આપો કહેતાં ઓટીપી આપ્યો હતો. બાદમાં પત્નિના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૩૯,૮૯૯ કપાઈ ગયા હતા. પણ પાંચ વસ્તુના નામે માત્ર ઠેંગો મળ્યો હતો. આ અંગે સુનીલભાઈએ કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઘટના જોઇએ તો અમદાવાદ માણેકચોકમાં જ્વેલર્સ શોપના કર્મચારી સોનાના બિસ્કિટની ડિલિવરી લેવા રૂ.૪૫ લાખ ભરેલી બેગ લઈને નીકળ્યો હતો. ત્યારે તેની પાછળ આવતી એક વ્યક્તિએ કર્મચારીને ખબર ના પડે તે રીતે બેગની ચેઈન ખોલી રૂ.૫.૫૦ લાખ સેરવી લઈ ફરાર થયો હતો. તે ચોરીનો વીડિયો સામે આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ આદરી છે. મોટેરામાં રહેતા અજયસિંહ રાજપૂત માણેકચોકની એક જ્વેલર્સ શોપમાં નોકરી કરે છે.

શેઠે તેને રૂપિયા પિસ્તાલીસ લાખ રોકડા ભરેલી બેગ આપી બુલિયનમાંથી સોનાના ૪૦૦ ગ્રામના બિસ્કિટની ડિલિવરી લેવા કહ્યું હતું. કર્મચારી પૈસાની બેગ લઈને જતો હતો ત્યારે તે હાથમાં મોબાઈલ રાખી તેમાં જ સતત મસ્ત હતો અને આસપાસના વાતાવરણથી અજાણ હતો. આ તકનો લાભ લઇ અજાણી વ્યક્તિ, જેણે કેપ પહેરી હતી, તેણે કર્મચારીની પાછળ-પાછળ આવી કર્મચારી ફોનમાં મગ્ન હોવાનો ફાયદો ઉઠાવી, તેની બેગની ચેઈન ખોલી બિન્દાસ્તપણે અંદર હાથ નાખી ચલણી નોટોના બંડલ એક પછી એક કાઢી લીધા હતા. આ પ્રક્રિયા એટલી ઝડપથી અને ચાલાકીથી કરી કે, કર્મચારીને જરા પણ ગંધ આવવા દીધી નહીં. સીસીટીવીને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી.

### રાજ્યભરમાં ઘૂસણખોરોને પકડવા શોધવા માટે ખાસ ડ્રાઈવ યોજાઈ તે અંતર્ગત

# રાજકોટમાં ૩૧ બાંગ્લાદેશી શકમંદોની પુછપરછ



## પાંચ મહિલા પાસે કોઈ આધાર પુરાવા ન હોઈ વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવીઃ એસઓજી, ક્રાઈમ બ્રાંચ, એલસીબી, પોલીસ સ્ટેશનોની તેર ટીમોએ કરી રાતભર તપાસ

રાજકોટઃ તા.૩

અવાર-નવાર રાજ્યમાં ઘૂસણખોરોને શોધી કાઢવા ખાસ ડ્રાઈવ યોજવામાં આવતી હોય છે. વધુ એક વખત આવી ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં રાજકોટમાં ઘૂસણખોર બાંગ્લાદેશીઓને શોધી કાઢવા વધુ એક વખત રાજ્યભરમાં પોલીસે ખાસ ડ્રાઈવ યોજી હતી. તે અંતર્ગત રાજકોટમાં શહેર ક્રાઈમ બ્રાંચ, એસઓજી, એલસીબી, સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ-કર્મચારીઓની તેર ટીમો બનાવી રાતથી વહેલી સવાર સુધી અલગ અલગ વિસ્તારમાં મેગા ડ્રાઈવ યોજી તપાસ કરવામાં આવી હતી. રાજકોટ પોલીસે એકત્રીસ જેટલા શખ્સો બાંગ્લાદેશી હોવાની શંકાએ અટકાયતમાં લઈ પુછપરછ કરી હતી. જે પૈકી પાંચ મહિલા વધુ શંકાસ્પદ જણાતી હોઈ તેની વિશેષ પુછપરછ કરવામાં આવી હતી. વિગતો જોઈએ તો રાજકોટ શહેરમાં શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકો વસવાટ કરે છે કે કેમ તે જાણવા પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને શંકાસ્પદ મોબાઈલ નંબરોના ડેટાના આધારે ઓપરેટ કરવામાં આવ્યું હતું. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુપ્તચર એજન્સીઓ અને ટેકનિકલ સેલને લાંબા સમયથી ઈનપુટ્સ મળી રહ્યા હતા કે રાજકોટ સહિત ગુજરાત ભરમાં જુદા જુદા શ્રમિક વિસ્તારોમાં અને ફેક્ટરીઓમાં કેટલાક શંકાસ્પદ લોકો ઓળખ છુપાવીને રહી રહ્યા છે. જેમાં રાજકોટ શહેર પોલીસને આશરે બસ્સો જેટલા એવા શંકાસ્પદ મોબાઈલ નંબરો મળ્યા હતા. આ તમામના લોકેશન અને કોલ ડિટેલ્સ શંકાસ્પદ જણાતા હતા. આ નંબરો પરથી થતા શંકાસ્પદ કોલ્સ-સ્પામ કોલ અને ઈન્ટરનેશનલ કનેક્ટિવિટીના આધારે પોલીસે આખું નેટવર્ક ટ્રેસ કર્યું હતું. જેના આધારે ઈન્ચાર્જ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીકના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મોડી રાત્રે જ ઓપરેશન પાર પાડવાનો પ્લાન તૈયાર કર્યો હતો. જેમાં એસઓજી પીઆઈ એન. બી. ચૌધરી તેમજ ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ, એલસીબીનો સ્ટાફ, તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને તેમની ટીમોના જવાનો, એએચટીયુનો સ્ટાફ પણ સામેલ થયો હતો. રાતે અગીયાર પછી ૧૩ ટીમોએ શહેરના ઔદ્યોગિક વિસ્તારો, બાંધકામની સાઈટો, ઝૂંપડપટ્ટીઓ અને શ્રમિકો વસતા વિસ્તારોને કોર્ડન કરી લીધા હતા. ટીમોએ રાતોરાત સઘન સર્ચ ઓપરેશન અને ચેકિંગ હાથ ધર્યું હતું.

શંકાસ્પદ લોકેશન્સ પર દરોડા પાડીને લોકોની પૂછપરછ શરૂ કરવામાં આવી હતી અને તેમના રહેઠાણના પુરાવાઓ તપાસાયા હતા. આ આખી રાત ચાલેલા મેગા ઓપરેશન દરમિયાન પોલીસે કુલ ૩૧ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પકડાયેલા લોકોમાં પાંચ મહિલાઓ પણ સામેલ છે. જે વધુ શંકાના ઘેરામાં હોઈ તેની પુછપરછ યથાવત રખાઈ છે. પ્રાથમિક તપાસમાં આ લોકો પાસે ભારતીય નાગરિક હોવાના મજબૂત પુરાવા મળી શક્યા નથી.

તેઓ ક્યાંથી આવ્યા છે, ક્યારથી રાજકોટમાં રહે છે અને અહીં લાવવામાં કોણે મદદ કરી છે તે અંગે એસઓજી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ આકરી પૂછપરછ કરી રહી છે. તમામ શંકાસ્પદ શખ્સોનો આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ અને અન્ય દસ્તાવેજોનું વેરિફિકેશન કરવામાં આવી રહ્યું છે. ભુતકાળમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો નકલી ભારતીય દસ્તાવેજો બનાવીને રહેતા હોવાના અને અમુક જંગલ રસ્તે ગેરકાયદેસર રીતે ભારતમાં ઘુસી ગયાનું ખુલ્યું હતું. જેને શંકાસ્પદ ગણી પુછતાછ કરવામાં આવી રહી છે તેમાંથી પાંચ મહિલા વધુ શંકાસ્પદ જણાઈ છે. આમાંથી જો કોઈ બાંગ્લાદેશી નાગરિક સાબિત થશે તો તેને કાયદાકીય પ્રક્રિયા બાદ ડીપોટ એટલે કે તેના દેશમાં મોકલી દેવામાં કામગીરી કરવામાં આવશે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશી ઘૂસણખોરોને પકડી પાડવાનું આ વિશેષ અભિયાન આજે પણ આખો દિવસ અને આગામી દિવસોમાં પણ અવિરતપણે ચાલુ રાખવામાં આવશે. બાકીના શંકાસ્પદ મોબાઈલ નંબરોના ધારકોને ટ્રેસ કરવા માટે પોલીસની ટેકનિકલ ટીમો સતત કાર્યરત છે. સ્થાનિક નાગરિકો અને મકાનમાલિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ કોઈપણ અજાણ્યા કે શંકાસ્પદ શ્રમિકને કામે રાખો કે રૂમ ભાડે આપો તો તેનુ વેરીફીકેશન કરવું અને પોલીસને પણ આની જાણ કરવી જરૂરી છે. આ અંગે પણ એસઓજી દ્વારા સમયાંતરે ડ્રાઈવ યોજી પોલીસને મકાન, દુકાન ભાડે આપ્યાની કે પરપ્રાંતીયને કામે રાખ્યાની જાણ ન કરનારા સામે ગુનો દાખલ કરી કાર્યવાહી થાય છે.

### હટાણુ કરીને પાછા ઘરે જતાં હતાં ત્યારે રસ્તામાં બની ગયો બનાવ

# કુતરાને બચાવવા જતાં પિતાનું મોત-પુત્રને ઈજા

**બીજી ઘટનામાં આર્થિક ભીંસ ભરડો લઈ જતાં સત્યાવીસ વર્ષના યુવાને ઝેર પી મોત વ્હાલુ કર્યુ :ત્રીજા બનાવમાં બહેન સાથે રમી રહેલા દોઢ વર્ષના ભાઈલા ઉપર ડેલી પડતાં જીવ ગયો**

રાજકોટઃ તા.૩

જીવલેણ વાહન અકસ્માતના વધુ એક બનાવમાં એક પરિવારના મોભીનો જીવ ગયો હતો. પોતાના પુત્રના મોટરસાઈકલમાં બેસીને વૃધ્ધ પોતાના ગામથી નજીકમાં શહેર વિસ્તારમાં હટાણુ કરવા ગયા હતાં. બંને પાછા પોતાના ઘરે જતાં હતાં ત્યારે અચાનક રોડ પર કુતરૂ આવી જતાં દિકરાએ કુતરાને બચાવવા બ્રેક મારતાં વાહન પરનો કાબુ ગુમાવતાં તેના પિતાને ગંભીર ઈજા થતાં મોત થયું હતું. યુવાને કુતરાને તો કાવો મારીને બચાવી લીધુ હતું પણ તેના આ પ્રયાસમાં તેના પિતાજીની જિંદગીનો અંત આવી ગયો હતો.

આ કરૂણ ઘટનાની વિગત જોઈએ તો મોરબીના રાજપરા ગામના વૃધ્ધનું વીરપરડા નજીક બાઈક સ્લીપ થઈ જતાં ઈજા થવાને કારણે મોત થતાં પરિવારમાં શોક છવાઈ ગયો છે. આ વૃધ્ધ પુત્ર સાથે મોરબી હટાણુ કરવા ગયા હતાં. પરત રાજપરા કુંતાસી જતી વખતે બાઈકચાલક દિકરાએ એક વાહનની સાઈડ કાપતાં અચાનક કુતરૂ આવી જતાં તેને બચાવવાનો પ્રયાસ કરતાં બાઈક સ્લીપ થઈ જતાં પિતા-પુત્ર ફંગોળાઈ ગયા હતાં.

જેમાં પુત્રનો બચાવ થયો હતો અને પિતાનું મોત થયું હતું. જાણવા મળ્યા મુજબ રાજપરા કુંતાસી ગામે રહેતાં રાજાભાઈ સીદાભાઈ પરમાર નામના બાંસઠ વર્ષના વૃધ્ધ ત્રીસમી તારીખના રોજ પુત્ર સંજયભાઈ પરમારના બાઈક પાછળ બેસી મોરબી હટાણુ કરવા ગયા હતાં. પિતા-પુત્ર સાંજે આઠેક વાગ્યે પરત પોતાના ગામ જતાં હતાં ત્યારે વીરપરડાના પાટીયા પાસે સંજયભાઈએ એક બોલેરોને સાઈડ કાપતાં એ વખતે જ આગળ અચાનક એક કુતરૂ આવી જતાં તેને બચાવવાના પ્રયાસમાં સંજયભાઈએ બાઈકને જોરદાર બ્રેક લગાવી રોડ સાઈડમાં લેતાં બાઈક સ્લીપ થઈ ગયું હતું. આ કારણે પિતા-પુત્ર બંને ફંગોળાઈ જતાં સંજયભાઈનો નજીવી ઈજા સાથે બચાવ થયો હતો.

જ્યારે પિતા રાજાભાઈને માથા, શરીરે ગંભીર ઈજાઓ થતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રાજાભાઈ છ ભાઈ અને એક બહેનમાં નાના હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પોતે હાલ નિવૃત જીવન જીવતાં હતાં. મોભીના મૃત્યુથી પરમાર પરિવારમાં શોક છવાઈ ગયો હતો. આમ કુતરાને બચાવવાના પ્રયાસમાં જીવલેણ અકસ્માત સર્જાયો હતો.

અપમૃત્યુના બીજા એક બનાવમાં અમરેલીમાં રહેતાં એક યુવાને આર્થિક સંકડામણથી કંટાળી જઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ યુવાને ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ તેણે અંતિમ શ્વાસ લઈ લેતાં ગમગીની વ્યાપી ગઈ હતી. અમરેલીમાં લક્ષ્મીનારાયણ મંદિર પાસે બહારપરામાં રહેતો કરણભાઈ બાબુભાઈ ચાવડા નામનો સત્યાવીસ વર્ષનો યુવાન સવારે સાડા અગીયારેક વાગ્યે ઝેરી પાવડર પી જતાં ઉલ્ટીઓ કરવા માંડતાં અમરેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં લાવવામાં આવ્યો હતો. અહિ સારવાર દરમિયાન રાતે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનાર કરણભાઈત્રણ બહેન અને બે ભાઈમાં બીજો તથા કુંવારો હતો. તે અમરેલી યાર્ડમાં છુટક મજૂરી કરતો હતો. કેટલાક સમયથી તે આર્થિક ભીંસમાં હોઈ કંટાળી જઈ આ પગલુ ભરી લીધાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં અમરેલી પોલીસે કાર્યવાહી કરી હતી. અન્ય એક આકસ્મીક ઘટનામાં એક મજુર દંપતિના એકના એક દોઢ વર્ષના લાડકવાયાનું મોત થયું હતુ. રાજકોટના કોઠારીયા રોડ પરની બાંધકામની સાઈટ પર રહી મજુરી કરતાં મધ્યપ્રદેશના દંપતિના દોઢ વર્ષના દિકરા પર ડેલી માથે પડતાં ઈજા થતાં તેનું કરૂણ મોત થયું હતું.વિગતો અનુસાર કોઠારીયા રોડ પર સિતારામ સોસાયટી-૧માં રમેશભાઈની સાઈટ પર રહી મજુરી કરતાં સુખરામભાઈ મેડાનો દિકરો મયુર જેની ઉમર દોઢ વર્ષની હતી તે રમતો હતો ત્યારે માથે ડેલી પડતાં માથામાં ઈજા થતાં મોત થયું હતું. મૃત્યુ પામનાર મયુર ચાર બહેનનો એકનો એક નાનો ભાઈ હતો. આ દંપતિ હજુ દસ દિવસ પહેલા જ અહિ મજુરી કરવા આવ્યું હતું. મોટી બહેન રીન્કલ સાથે રમત વખતે મયુર ડેલી બંધ કરવા ગયો ત્યારે ડેલી માથે પડતાં ઈજા થતાં મોત થયાનું ખુલ્યું હતું. આજીડેમ પોલીસે આકસ્મીક મૃત્યુની નોંધી કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

### ટુંકા રસ્તે પૈસા કમાવવા જતાં ગંભીર ગુનામાં સંડોવાઈ ગયા

# SOGએ ગાંજા સાથે બે મિત્રોને દબોચ્યા

## કુવાડવા રોડ ડી માર્ટ નજીકથી હાલ રાજકોટ રહેતાં મુળ જસદણના શખ્સ અને તેના બિહારી મિત્રને પકડી લેવાયાઃ ઉપેન્દ્રસ્હિં ઝાલા અને જયદિપસિંહને બાતમીને આધારે કાર્યવાહી : કોઠારીયા સોલવન્ટ પાસે દારૂ ઢીંચીને નીકળેલા ચાર ઝપટે ચડ્યા

રાજકોટઃ તા.૩

દારૂ ઉપરાંત માદક પદાર્થના વધી ગયેલા બંધાણીઓને કારણે ડ્રગ્સ પેડલરો સમયાંતરે ખેપ મારતા રહે છે. એસઓજીએ વધુ એક આવી ખેપ નિષ્ફળ બનાવી બે શખ્સને ગાંજા સાથે પકડી લીધા છે. બે મિત્રો દાહોદ તરફથી ગાંજો લઈને રાજકોટ આવ્યા હતાં. અહિ પડીકીઓ બનાવીને વેંચવાનો તેનો ઈરાદો હતો. પણ એ પહેલા કુવાડવા રોડ પરથી બંનેને પકડી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં માદક પદાર્થની હેરાફેરીને ડામવા સક્રિય એસઓજીની ટીમ દ્વારા વધુ એક આવો કેસ શોધવામાં સફળતા મળી છે. કુવાડવા રોડ ડી માર્ટથી આગળ જતાં રોડ પરથી એસઓજીએ મુળ જસદણ લીલાપરના અને હાલ રાજકોટ રહેતાં એક શખ્સ તથા એક બિહારી શખ્સને રૂા. તોંતેર હજારના એક કિલો ચારસો અડસઠ ગ્રામ ગાંજા સાથે પકડી લીધા છે. આ બંને મિત્રો છે અને દાહોદ તરફથી ગાંજો લાવ્યાનું રટણ કર્યુ હોઈ વિશેષ પુછતાછ માટે રીમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી. શહેરમાં સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ અંતર્ગત યુવાધનને નશાના રવાડે ચડતું અટકાવવા નાર્કોટીક્સ પદાર્થોનું વેંચાણ અટકાવવા અને આવા પદાર્થનું સેવન, વેચાણ કરતાં શખ્સોને શોધી કાઢવા શહેર એસઓજીની ટીમ કાર્યરત છે.

આ દરમિયાન હેડકોન્સ. જયદિપસિંહ અને ઉપેન્દ્રસિંહ ઝાલાને ચોક્કસ બાતમી મળતાં કુવાડવા રોડ ડી માર્ટથી આટળ જય હિન્દ મોટર્સ નજીકના રોડ પર બે શખ્સને ઝડપી લીધા હતાં. પુછતાછમાં પોતાના નામ આકાશ ઉર્ફે યોગેશ દશરથભાઈ દેસાણી રહે. હાલ જુના માર્કેટ યાર્ડ પાછળ દરગાહ પાસે, લાખાભાઈ ભરવાડના મકાનમાં ભાડેથી, મુળ લીલાપર તા. જસદણ તથા પિયુષકુમાર શૈલેન્દ્ર સિંગ રહે. તરૈયા મુખ્ય બજાર શંકર ભગવાનના મંદિર પાસે જી. છપરા બિહાર જણાવ્યા હતાં.આ શખ્સો પાસે શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો.

એફએસએલ અધિકારી કે. એમ. તાવીયા પાસે પરિક્ષણ કરાવતાં તે ગાંજો હોવાનું ખુલતાં રૂા. ૭૩૪૦૦નો ગાંજો કબ્જે કરી બી-ડિવીઝન પોલીસમાં એનડીપીએસનો ગુનો દાખલ કરાવ્યો હતો. ઝડપાયેલો આકાશ ઉર્ફે યોગેશ અને પિયુષ બંને મિત્રો છે અને છુટક મજુરી કરે છે. પ્રાથમિક પુછતાછમાં કબુલ્યું હતું કે પોતે બે દિવસ પહેલા દાહોદના ફતેપુરા ગયા હતાં અને ત્યાંથી વેંચવા માટે આ ગાંજો લાવ્યા હતાં. પણ બસમાંથી ઉતરી બંને રિક્ષાની રાહ જોઈ રહ્યા હતાં ત્યાં જ એસઓજીએ દબોચી લીધા હતાં. તેની પાસેથી સાચી વિગતો ઓકાવવા રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક,



ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એસઓજી પીઆઈ એન. બી. ચૌધરી, પીએસઆઈ એમ. વી. જાડેજા, એએસઆઈ સિધ્ધરાજસિંહ જાડેજા, અરૂણભાઈ બાંભણીયા, વિરેન્દ્રસિંહ, હેડકોન્સ. જયદિપસિંહ, ઉપેન્દ્રસિંહ, ડ્રા. કોન્સ. નિર્મળસિંહ, નરેશભાઈએ આ કામગીરી કરી હતી. આ બંને અગાઉ પણ આ રીતે ગાંજો કે બીજા પદાર્થ લાવ્યા હતા કે કેમ? તેની પણ તપાસ કરવામાં આવશે.

બીજી તરફ શહેરમાં દારૂબંધીના કાયદાની કડક અમલવારી કરાવવા માટે કમિશનરની સુચના અન્વયે આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગમાં હતી ત્યારે ચાર નશાખોર પોલીસની ઝપટમાં આવી જતાં નશો ઉતારી નખાયો હતો. રાત્રીના પોલીસની ટીમ કોઠારીયા સોલવન્ટ હુશેની ચોક પાસે રોડ પર પેટ્રોલીંગમાં હતી ત્યારે ચાર શખ્સો શંકાસ્પદ હાલતમાં લથડીયા ખાતા અને જાહેરમાં બબડાટ કરતા નજરે પડ્યા હતા. પોલીસે ચારેયને અટકાયતમાં લઈ તપાસ કરતાં દારૂનો નશો કર્યો હોવાનું જણાયું હતું.

આ ચારેય શખ્સોની પુછતાછ થતાં પોતાના નામ ફેઝલ દિલાવરભાઈ ફુલાણી રહે. ક્વાર્ટર નં. ૧૦૦૨, ગુજરાત હાઉસિંગ બોર્ડ, નારાયણનગર કન્યા શાળા પાછળ, કોઠારીયા સોલવન્ટ, સતીષ બટુકભાઈ ભાખોદરા રહે. ક્વાર્ટર નં. ૮૨૭, ગુજરાત હાઉસિંગ બોર્ડ, નારાયણનગર કન્યા શાળા પાછળ, કોઠારીયા સોલવન્ટ, નિઝામ ઈસ્માઈલભાઈ ઠાચરીયા રહે. ક્વાર્ટર નં. ૩૧, કોઠારીયા સોલવન્ટ અને હિરેન સુરેશભાઈ બાવળિયા રહે. ક્વાર્ટર નં. ૧૬૩, ગુજરાત હાઉસિંગ બોર્ડ, કોઠારીયા સોલવન્ટ જણાવ્યા હતાં. ચારેય સામે દારૂ પીવાનો ગુનો દાખલ કરી ધરપકડ કરવામાં આવી હતી. પીઆઈ એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડકોન્સ. ભરતભાઈ જોગીયા, દેવાંગભાઈ પાલા સહિતે આ કામગીરી કરી હતી.

### રાષ્ટ્રીય સુરક્ષા માટે પોલીસનું ઓપરેશન ડેલ્ટા હન્ટ

# ૩૬૨ બાંગ્લાદેશીઓની ધરપકડ, ૭૮૨ની પૂછપરછ

## ઘૂસણખોરને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી તેમના પર કાયદાનો સકંજો કસી બાંગ્લાદેશ મોકલાવા ઝુંબેશ : નાકાબંધીના કારણે ભાગી છૂટવાનો પ્રયાસ કરનાર ૧૮ બાંગ્લાદેશીઓને વિવિધ બસ સ્ટેશન, રેલવે સ્ટેશન અને એન્ટ્રી એક્ઝિટ પોઈન્ટ પરથી પકડ્યા

રાજકોટ, તા. ૩

ગુજરાતની આંતરિક સુરક્ષા, શાંતિ અને સલામતીને સુનિશ્ચિત કરવા માટે ગુજરાત પોલીસ દ્વારા સઘન ઝુંબેશ 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' શરૂ કરવામાં આવી છે. 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ૩૬૨ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓની ધરપકડ તથા ૭૮૨થી વધુ શંકાસ્પદોની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. ઓપરેશન સંદર્ભે વધુ વિગતો આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત રાજ્યની સરહદો ઓળંગી ગેરકાયદેસર આશરો લઈ રહેલા બાંગ્લાદેશી નાગરિકો અને ઘૂસણખોરો વિરૂદ્ધ કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજ્યની સુરક્ષા સાથે ચેડાં કરનારા દરેક ઘૂસણખોરને ગુજરાતના ખૂણે-ખૂણેથી શોધી કાઢી, તેમના પર કાયદાનો સકંજો કસી તેમને બાંગ્લાદેશ મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ ઓપરેશન હેઠળ અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી કુલ ૩૬૨ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ૧૦૩ પુરુષ, ૧૮૮ મહિલા અને ૭૧ બાળકોનો સમાવેશ થાય છે. ઓપરેશન અંતર્ગત રાજ્યમાં સૌથી વધુ ૧૫૫ બાંગ્લાદેશી નાગરિકો અમદાવાદ શહેરમાંથી પકડાયા છે. આ ઉપરાંત સુરત શહેરમાંથી ૮૪, અમદાવાદ ગ્રામ્યમાંથી ૩૪, પૂર્વ કચ્છ-ગાંધીધામથી ૧૩ અને ભરૂચમાંથી ૧૨ સહિત વિવિધ વિસ્તારોમાંથી અવૈધ રહેતા બાંગ્લાદેશી નાગરિકો પકડાયા છે. આ ઝુંબેશ દરમિયાન મોટી સંખ્યામાં, એટલે કે ૭૮૨થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકો પણ મળી આવ્યા છે, જેમની હાલ સઘન પૂછપરછ અને તપાસ ચાલી રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે,



ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગુજરાત પોલીસની ફિલ્ડ યુનિટ્સ માત્ર આ વ્યક્તિઓની જ નહીં, પરંતુ તેમને ગેરકાયદેસર રીતે સિમ કાર્ડ, આશ્રય, નોકરી અથવા નકલી આધાર કાર્ડ અને વોટર આઈડી જેવા ખોટા દસ્તાવેજો પૂરા પાડનાર સ્થાનિક એજન્ટો અને ફેસિલિટેટર્સની પણ ઓળખ કરી રહી છે. ઘૂષણખોરોની મદદ કરનારને પણ બક્ષવામાં આવશે નહીં. પકડાયેલા તમામ ગેરકાયદેસર નાગરિકોને નિયમાનુસાર ડીટેન કરવામાં આવ્યા છે અને તેમને દેશની બહાર ડીપોર્ટ કરવા માટેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે, પોલીસ દ્વારા આ ઓપરેશન ખૂબ ઝીણવટપૂર્વક પ્લાન કરવામાં આવ્યું હતું. શહેરોમાં રેડ ચાલુ થવાની સાથે જ સંભવિત ઘૂસણખોરો રાજ્ય બહાર ભાગી ન જાય તે માટે તમામ બસ સ્ટેશનો, હાઈવે અને રેલવે સ્ટેશનો પર તાત્કાલિક અસરથી કડક નાકાબંધી ગોઠવી દેવામાં આવી હતી. આ વ્યૂહાત્મક નાકાબંધીના કારણે રેડ દરમિયાન ભાગવાની કોશિશ કરી રહેલા અન્ય ૧૮ જેટલા શંકાસ્પદ વ્યક્તિઓને પણ નાકાબંધીના સ્થળેથી જ ઝડપી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી છે.

તપાસ દરમિયાન અનેક કિસ્સાઓમાં એવી ચોંકાવનારી વિગતો પણ સામે આવી છે કે, પકડાયેલા બાંગ્લાદેશીઓમાંથી કેટલાક લોકો ૨-૪ વર્ષ પહેલાં અથવા તેનાથી પણ વધુ સમય પહેલાં પશ્ચિમ બંગાળના જુદા-જુદા ગામડાઓ અને ક્ષેત્રોમાંથી ભારતમાં ઘૂસ્યા હતા. ત્યાં તેમણે સ્થાનિક વચેટિયાઓની મદદથી પશ્ચિમ બંગાળના લોકલ ડોક્યુમેન્ટ્સ બનાવ્યા અને તે લોકલ ડોક્યુમેન્ટ્સના આધારે ભારતના સત્તાવાર આધાર કાર્ડ મેળવવામાં સફળતા મેળવી હતી. આ સમગ્ર નેટવર્કની પણ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થઈ રહી છે.

પશ્ચિમ બંગાળ સરહદ પર ઈજાફ્રા ફેન્સિંગના કામ માટે પશ્ચિમ બંગાળની નવી સરકારે જે જગ્યા ફાળવી આપી છે, તેનાથી આવનારા વર્ષોમાં દેશની સરહદો વધુ સુરક્ષિત બનશે અને ભવિષ્યમાં આવા ઘૂસણખોરોને ભારતમાં પ્રવેશવાનો મોકો નહીં મળે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' આગામી દિવસોમાં પણ રાજ્યના તમામ ક્ષેત્રો અને ચારેય વિસ્તારોમાં ચાલુ રહેશે. અને ગેરકાયદેસર રીતે વસતા દરેક તત્વને શોધીને ડીપોર્ટ કરવામાં આવશે.

એક જ રાતમાં આટલા મોટા પ્રમાણમાં થયેલી આ કાર્યવાહીને ગુજરાત પોલીસની એક 'ઐતિહાસિક સફળતા' ગણાવીને તમામ પોલીસ યુનિટ્સને નાયબ મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યના પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવે જણાવ્યું હતું કે, આ ઝુંબેશ સંપૂર્ણપણે ટેકનિકલ ડેટા અને ફિલ્ડ વેરિફિકેશન પર આધારિત છે. 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ' દ્વારા મળેલા ટેકનિકલ તેમજ લોકલ ઈનપુટ્સના આધારે ગુજરાતમાં વ્યાપક ટેલિકોમ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેના આધારે બાંગ્લાદેશના નંબરો સાથે વાસ્તવિક વાતચીત કરી હોય એવા ભારતીય મોબાઈલ નંબરોનો ડેટાબેઝ તૈયાર કરાયો છે. આ પદ્ધતિથી ૬૨૦૦થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓનો ડેટાબેઝ એકત્ર કરી ગેરકાયદેસર નેટવર્કને તોડવા જમીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# દિયા ગોલ્ડ પેઢી સીલ

### વિભાગે દસ્તાવેજના અભાવના કારણે મિલકત પર કરી કાર્યવાહી : અન્ય મિલકતો પર લેવાશે નિર્ણય

રાજકોટ, તા..૩

રાજકોટ શહેરમાં સમયાંતરે આગની ઘટનાઓના ઝડપથી વધી રહ્યા છે. ત્યારે સોની બજારમાં તારીખ ૨૮ ના રોજ સોની કામના બિલ્ડિંગમાં આગ લાગી હતી જેમાં સિલિન્ડર બ્લાસ્ટ થતા અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ ફાયર વિભાગની સમય સૂચકતા અને ધ્યાને લઈ દુર્ઘટના ટળી હતી. એટલું જ નહીં આ બિલ્ડિંગમાં જરૂરી એનઓસી ન હોવાનું પણ માલુમ પડ્યું છે જેને લઈને દિયા ગોલ્ડ પોલીશિંગ નામનું કારખાનું સેલ કરી દેવામાં આવ્યું છે.

ટાઉન પ્લાનર એચ.એમ. સોરઠિયાના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા વોર્ડ નં.૭ના આ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સોની બજાર મેઈન રોડને લાગુ




દેરાસરવાળી શેરીમાં રહેલી દિયા ગોલ્ડ પોલીસિંગ મિલકતના માલિક સંજયભાઈ લુવાની વાણિજ્ય હેતુના અન-અધિકૃત બાંધકામ વાળી મિલકત સીલ કરવામા આવેલ છે.

બનાવની રાત્રે ફાયર વિભાગની પાંચ ટીમે માંડ શેરી સુધી પહોંચી ત્રણ કલાક પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લીધી હતી. બીજા અને ત્રીજા માળે આગથી સિલિન્ડર બ્લાસ્ટ પણ થયો હતો. ત્યાં કામ કરતા લોકોનો બચાવ થયો હતો. પરંતુ મશીનરી અને પતરા, વાયરીંગ સહિતના માલસામાનને પણ ભારે નુકસાની થઇ હતી.

આ જગ્યાએ ફાયર સેફટીના કોઇ સાધનો ન હોય, બીજા જ દિવસે ફાયરના સાધનો વસાવવા નોટીસ અપાઇ હતી. તો મેયર નેહલ શુકલએ બીજા જ દિવસે અધિકારીઓની મીટીંગ બોલાવી ગીચ વિસ્તારમાં કોમર્શિયલ મિલ્કતના માલિકો પાસે ફાયર સેફટીના સાધનો વસાવવાનું કામ હાથ પર લેવા સૂચના આપી હતી. તો સદંતર ગેરકાયદે બાંધકામો સામે શું થઇ શકે તે ચકાસવા પણ અધિકારીઓને કહ્યું હતું.

દરમ્યાન ટીપી શાખાએ આ બિલ્ડીંગને સીલ મારી દીધુ છે. સેન્ટ્રલ ઝોનના ટાઉન પ્લાનીંગ શાખાના સ્ટાફની હાજરીમા સીલ મારવાની કાર્યવાહી કરેલ છે. જોકે આ મિલકતનો કોઈપણ માલ સામાન જપ્ત કરાયો નથી તેમ પણ ટીપી શાખાએ કહ્યું હતું. હાલ આ પ્રકારની એક નહીં અનેકવિધ મિલકતો રાજકોટમાં જોવા મળી રહી છે જ્યારે તેના પર યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવે ને યોગ્ય નિર્ણય લેવામાં આવે તે ખૂબ જરૂરી છે. મહત્વની વાત તો એ છે કે આ પ્રકારની મિલકતો હોવાના કારણે જો આગની દુર્ઘટના લાગે તો ફાયર ફાઈટર ત્યાં સુધી પહોંચી શકવામાં અસક્ષમ છે. ત્યારે જરૂરી એ છે કે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને ખાસ આ પ્રકારની મિલકતને સીલ કરાય.

આ વાતની ગંભીરતાને ધ્યાને લેતા જ હાલ ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા મિલકતને સીલ કરવામાં આવી છે. ત્યારે હવે ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી રહી છે તેના પર પૂર્ણવિરામ મૂકવામાં આવે અને ખાસ જરૂરી વ્યવસ્થા ઊભી કરાય અને આ પ્રકારની મિલકતો ને સીલ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી અટકળો ચાલી રહી છે.

# 2030 સુધીમાં ગુજરાત વાયર ફ્રી

### સરકારે ગુજરાત વાયર ફ્રી સીટી મિશનને આપી મંજૂરી : ૧૭ મહાનગરપાલિકાને ૧૫૧ નગરપાલિકાઓ ટાર્ગેટ, ૫૦૦ કરોડની ફાળવણી

રાજકોટ, તા. ૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત વાયર ફ્રી સિટી મિશન'ને મંજૂરી ૨૦૩૦ સુધીમાં રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓ અને ૧૫૧ નગરપાલિકાઓમાં વીજ લાઈનો અંડરગ્રાઉન્ડ થશે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ગ્રીન અને સ્માર્ટ સિટી'-ઋયિક્ષ ફક્ષમ જાળફાંઈશું'ના વિઝનને સાકાર કરવાના હેતુથી ગુજરાત સરકારે એક મોટો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ(CM Bhupendra Pateહ)ની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં શહેરોને વધુ સુંદર અને સુરક્ષિત બનાવવા માટે ''ગુજરાત વાયર ફ્રી સિટી મિશનને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજ્યના શહેરી વિસ્તારોને સંપૂર્ણપણે ઓવરહેડ વીજ વાયરોથી મુક્ત કરવા માટે નવતર પહેલ હાથ ધરવામાં આવી છે જેમાં રાજ્ય સરકાર દ્વારા પ્રારંભિક તબક્કા માટે ૫૦૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. પ્રાથમિક તબક્કામાં રાજ્યની તમામ ૧૭ મહાનગરપાલિકાઓ તથા ૧૫૧ નગરપાલિકાઓ વિસ્તારોને આવરી લેવામાં આવશે અને વાયર મુક્ત બનાવવાશે.

રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ મીડિયા સાથેની વાતચીતમાં આ ઐતિહાસિક નિર્ણયની માહિતી આપતા જણાવ્યું હતું કે, આ મિશન હેઠળ શહેરોમાં હાલમાં અસ્તિત્વ ધરાવતા ઓવરહેડ વીજ વિતરણ નેટવર્કને તબક્કાવાર સંપૂર્ણપણે અંડરગ્રાઉન્ડ (ભૂમિગત) કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ કામગીરી અંતર્ગત આશરે ૧૪,૬૦૦ સર્કિટ કિલોમીટરથી વધુ હાઈ ટેન્શન ઓવરહેડ નેટવર્ક અને ૩૧,૪૦૦ સર્કિટ કિલોમીટરથી વધુ લો ટેન્શન ઓવરહેડ નેટવર્કને ભૂમિગત કરવામાં આવશે.વાવાઝોડા કે ભારે વરસાદ જેવી કુદરતી આફતો સમયે વાયર તૂટવાની અને શોર્ટ સર્કિટ થવાની દુર્ઘટનાઓ પર બ્રેક વાગશે. ટેકનિકલ ફોલ્ટનું પ્રમાણ ઘટવાથી નાગરિકોને ગુણવત્તાયુક્ત અને કોઈપણ વિક્ષેપ વિના વીજળી મળતી થશે.રસ્તાઓ અને શેરીઓમાં લટકતા વાયરોની જાળ દૂર થવાથી શહેરોનો દેખાવ વધુ સ્વચ્છ અને સુંદર બનશે.

''સ્માર્ટ અને સેફ ગુજરાત તરફ પ્રયાણ'' મંત્રી જીતુભાઈ વાઘાણીએ અંતમાં ઉમેર્યું હતું કે, ''ગુજરાત વાયર ફ્રી સિટી મિશન માત્ર વીજ લાઈનો બદલવાનો એક સામાન્ય પ્રોજેક્ટ નથી, પરંતુ ૨૧મી સદીના સ્માર્ટ, સુંદર અને સેફ ગુજરાતના નિર્માણની દિશામાં અમારી સરકારનું એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક પગલું છે.''

# સાંઢીયા પુલમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા જ ભુલાઈ !!

## એજન્સીને ફટકારાઈ નોટીસ : બ્રિજ ખુલ્લો મુકાઈ તેની કાગાડોળે રાહ નિહાળતા રાજકોટવાસીઓ

રાજકોટ, તા. ૩

મહાનગરપાલિકાની કામગીરી અંગે ભૂતકાળમાં પણ ઘણા ખરા કૃષ્ણ ઉભા થયેલા છે ત્યારે ૭૪ કરોડના ખર્ચે જે સાંઢીયા પુલનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું તેમાં હાલ પાણી નિકાલ માટેની કોઈ નક્કર વ્યવસ્થા કરવામાં આવી ન હોવાનું પણ જાણવા મળ્યું છે. જેને લઈને મહાનગરપાલિકા દ્વારા એજન્સીને નોટિસ પાઠવવામાં આવી છે. મેયર બનતા ની સાથે જ નેહલ શુકલે બ્રિજની મુલાકાત લીધી હતી અને ઘણી નાની મોટી ક્ષતિઓ સામેશહેરના એક પ્રવેશદ્વાર જેવા જામનગર રોડથી રાજકોટમાં આવવા માટેના માર્ગ પર જુના સાંઢીયા પુલની જગ્યાએ બનેલો નવો ફોરલેન બ્રીજ લગભગ કમ્પલીટ થઇ ગયો છે ત્યારે મેયર ડો.નેહલ શુકલ સહિતના પદાધિકારીઓની પ્રથમ મુલાકાત વખતે જ દેખાયેલી અમુક ટેકનીકલ ખામીઓ બદલ ખુલાસા પુછવામાં આવ્યા હતા. ત્યારે આજે બ્રીજ હેઠળ વરસાદી પાણીના નિકાલ માટેની પાઇપલાઇન સહિતની કામગીરીનો ધમધમાટ જોવા મળ્યો હતો. બે- ત્રણ દિવસમાં આ સામાન્ય કામગીરી પૂરી થઇ જશે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.



આ દરમ્યાન સમગ્ર પ્રોજેકટમાં પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે કામ રાખનાર ડેલ્ફ એજન્સી અને કોન્ટ્રાકટર કંપની ચેતન કન્સ્ટ્રકશનને ઇજનેરો દ્વારા નોટીસ આપીને ખુલાસો પુછવામાં આવ્યો છે. સાથે જ બાકી કામ અગ્રતાના ધોરણે પુરૂ કરીને સંપૂર્ણ ફોરલેન બ્રીજ કોર્પો.ને વહેલાસર સોંપવા પણ તાકીદ કરવામાં આવી છે. સૌથી મોટો ચર્ચાનો વિષય એ જ છે કે તંત્ર દ્વારા આ બાબતે કેમ કોઈ ગંભીરતા દાખવવામાં આવી નહીં. હવે ઠેઠ કેમ ખબર પડી કે સાંઢીયા પુલમાં પાણી નિકાલની કોઈ વ્યવસ્થા જ ઉભી કરવામાં આવી નથી. હાલ આ કામગીરી તાકીદે પૂર્ણ કરી દેવામાં આવે તે માટે એજન્સીને આદેશ પણ કરવામાં આવ્યો છે અને ખાસ ઝડપથી કામગીરી પૂર્ણ કરવા મનપા દ્વારા જણાવવામાં આવ્યું છે. મેયરે સાઇટ પર જઇને સૌ પહેલો સવાલ એ પૂછયો હતો કે બ્રીજ પરથી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા શું છે? આ કામ પુરૂ થયું ન હોય તત્કાલ પાઇપનું કામ કરાવવા આદેશ આપ્યો હતો. ઉપરાંત સરફેસીંગ, ફીનીશીંગ વર્ક માટે પણ તાકીદ કરી હતી. આ બાદ ગઇકાલથી કોન્ટ્રાકટર મારફત બ્રીજ ઉપરથી વરસાદી પાણી ઉતારવા માટેની પાઇપલાઇનનું કામ શરૂ કરી દેવાયું છે. વરસાદી પાણીના નિકાલથી માંડી ફિનીશીંગ સહિતની કેટલીક ત્રુટીઓ ધ્યાને આવતા તત્કાલ આ ખામીઓ દુર કરવા આદેશ આપ્યો હતો. હવે આવા અમુક ટેકનીકલ સિવાય કોઇ કામ બાકી ન હોય બ્રીજનું આવતા સપ્તાહે ચોકકસ લોકાર્પણ કરી દેવામાં આવશે તેમ માનવામાં આવે છે.

ગત અઠવાડિયે સાંઢીયા પુલ પર તિરંગા લાઇટ સહિતના ટેસ્ટીંગ વહીવટી તંત્રએ કરી લીધા હતા. આ બ્રીજ લગભગ તૈયાર જ છે. આવતા મહિનાથી વરસાદનું આગમન થાય તેવી શકયતા છે. આથી વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા તત્કાલ કરવા સૂચના આપી હતી. નેહલ શુકલએ જવાબદાર અધિકારીઓને આ ત્રુટીઓ અંગે સવાલો કર્યા હતા. બપોરની મીટીંગમાં પણ પુલના કામની લાંબી ચર્ચા કરી હતી.આ કામે અમુક પ્રકારની ક્ષતિ રહી જતા અને કેટલીક બાબતો નજરઅંદાજ રહેતા કોર્પો.ના પ્રોજેકટ સલાહકાર જેવી પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સ.ને નોટીસ અપાઇ છે. તો અમુક ક્ષતિ રહી ગઇ હોય, કોન્ટ્રાકટરને પણ નોટીસ અપાઇ છે. હવે આ કામના બીલ મંજૂર કરતી વખતે શું કાર્યવાહી થશે તે જોવાનું રહ્યું.